તા-૨૦-૦૨-૨૦૧૭

ઇ.સી.તા-૧૬-૦૨-૨૦૧૭

ગુજરાત યુનિવર્સિટી

નં એકા/સ્ટોર્સ/૫૧૩૧૭/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા૧૩/૨/૨૦૧૭

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૦-૦૨-૧૭ને શુક્રવારના રોજ ૦૫-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી ડૉ.એમ.એન.પટેલસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડૉ.એમ.એન.પટેલ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૭-૮/૨/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૭-૮/૨/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા મા.મુખ્ય મંત્રીશ્રીની કુલપતિઓ સાથેની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય તેમજ આંતરીક સુરક્ષાના ભાગરુપ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં Video Surveillance System અંગેની કામગીરી GEM/DGS&Dના રેટ કોન્ટ્રાક્ટ મુજબ Exileo Technology Inc. તેમજ Suchan System પાસે કરાવવા માટેની તથા તે માટે થનાર અંદાજીત રૂ.૫,૦૦,૦૦,૦૦૦/- (રુપિયા પાંચ કરોડ પુરા)નો ખર્ચ મંજૂર કરાવવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં Video Surveillance System અંગેની કામગીરી GEM/DGS&Dના રેટ કોન્ટ્રાકટ મુજબ Exileo Technology Inc. તેમજ Suchan System પાસે કરાવવાનું રાખવું તથા તે માટે થનાર અંદાજીત રૂ.૫,૦૦,૦૦,૦૦૦/- (રુપિયા પાંચ કરોડ પુરા)નો ખર્ચ મંજૂર કરવાનું રાખવું.

૩) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને માર્કશીટ, ઓફિસ રજીસ્ટર અને કોલેજ રજીસ્ટર જેવી પરીક્ષાને લગતી સ્ટેશનરી વર્ષ ૨૦૧૬ માટે ખરીદવા માટે ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ અને આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં માર્કશીટ, ઓફિસ રજીસ્ટર અને કોલેજ રજીસ્ટર જેવી પરીક્ષાને લગતી સ્ટેશનરી વર્ષ ૨૦૧૬ માટે ખરીદવા માટે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા ઇ-ટેન્ડર મંગાવેલ અને આવેલ ટેન્ડરો પૈકી વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી (Lowest-1) પાસેથી ટેન્ડરની શરતો મુજબ ખરીદવાનું રાખવુ અને તે માટે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

૪) કેમેસ્ટ્રી વિભાગને રીસર્ચ વર્કના વિધાર્થીઓ માટે સોફટવેર ખરીદવા માટે વધારાના બજેટની જોગવાઇ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કેમેસ્ટ્રી વિભાગમાં રીસર્ચ વર્કના સ્ટુડન્ટો માટેના સોફટવેર અંગે સરકાર માન્ય GILમાંથી વિગતો મેળવી તેમના મારફતે ખરીદવાનું રાખવું. જો GIL આ અંગે અસમર્થ હોય તો ઇ-ટેન્ડર ધ્વારા ભાવો મંગાવીને ખરીદવા અંગેની કાર્યવાહી કરવાનું રાખવું. અને ત્યારબાદ મંજુરી માટે આગામી ફાયનાન્સ સમિતિમાં મંજુરી માટે મુકવું.

૫) વિજ્ઞાન ભવન માટે કેમિકલ્સ, ગ્લાસવેર્સ, પ્લાસ્ટીકવેર્સ, ડાયગ્નોસ્ટીક કિટસ આનુષાંગિક વસ્તુઓ તથા પરચુરણ વસ્તુઓ ખરીદવા માટે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી મંગાવેલ અને આવેલ ટેન્ડરો પરત્વે વિભાગે કરેલ ભલામણોના સંદર્ભમાં રેટ કોન્ટ્રાકટ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

નોંધ : આ અગાઉ તા.૧૧/૨/૨૦૧૧ની ફાયનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૭થી રેટ કોન્ટ્રાકટ કરવામાં આવેલ હતો.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન ભવન માટે કેમિકલ્સ, ગ્લાસવેર્સ, પ્લાસ્ટીકવેર્સ, ડાયગ્નોસ્ટીક કિટસ આનુષાંગિક વસ્તુઓ તથા પરચુરણ વસ્તુઓ ખરીદવા માટે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી મંગાવેલ અને આવેલ ટેન્ડરો પરત્વે વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ તેમજ ભલામણોના સંદર્ભમાં સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી (Lowest-૧) પાસેથી ટેન્ડરની શરતો મુજબ ખરીદવા માટેનો રેટ કોન્ટ્રાકટ માર્ચ-૨૦૧૭થી ફેબ્રુઆરી-૨૦૧૮ના એક વર્ષ માટે કરવાનું રાખવું અને જરૂર જણાય તો આ રેટ કોન્ટ્રાકટને મુદત પુરી થયેથી સમીક્ષા બાદવધુ એક વર્ષ માટે લંબાવવાનું રાખવુ અને તે માટે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

૬) ગુજરાત યુનિવર્સિટીનો વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬નો એક્ષ્ટર્નલ ઓડીટરશ્રી તરફથી આવેલ રીપોર્ટ વંચાણે લઇ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનો વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬નો એક્ષ્ટર્નલ ઓડીટરશ્રી તરફથી આવેલ રીપોર્ટના અવલોકનો અંગે સૂચનો પરત્વે ઘટતી કાર્યવાહી કરવી.

૭) ગુજરાત યુનિવર્સિટીનો વર્ષ ૨૦૧૧-૧૨નો લોકલફંડ તરફથી આવેલ રીપોર્ટ વંચાણે લઇ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લોકલફંડના અવલોકનો અંગેની પૂર્તતા કરવા સબધીત સત્વરે વિભાગોને જણાવવાનું રાખવું

3/-

૮) ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૬-૧૭નું પુનર્નિર્મિત અને આગામી વર્ષ ૨૦૧૭-૧૮ના વાર્ષિક અંદાજપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૬-૧૭નું પુનર્નિર્મિત અને આગામી વર્ષ ૨૦૧૭-૧૮ના વાર્ષિક અંદાજપત્ર ઉપર લંબાણ પૂર્વક કરવામાં આવેલ ચર્ચા વિચારણાને અંતે મંજુર કરવામાં આવ્યું.

૯) ગુજરાત યુનિવર્સિટીમાં અગાઉના વર્ષથી ચાલુ રહેલ FAS અને Tallyને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાની અને તેના આનુષાંગિક ખર્ચ મંજૂર કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં અગાઉના વર્ષથી ચાલુ રહેલ FAS અને Tallyને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવું અને તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

૧૦) ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં કાર્યરત રહેલ ટેલીની Out Source Agencyને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં કાર્યરત રહેલ ટેલીની Out Source Agencyને વધુ એક વર્ષ માટે જુના ભાવથી ચાલુ રાખવું અને તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

૧૧) ગુજરાત યુનિવર્સિટીમાં આવેલ CAG તથા Service Tax અંગેના પત્રો ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનો વર્ષ ૨૦૧૧-૧૨નો લોકલફંડ તરફથી આવેલ રીપોર્ટ અંગે ચાર્ટર્ડ એકાઉટન્ટ (C A)ને બોલાવીને કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરી આગામી ફાયનાન્સ સમિતિમાં મુકવાનું રાખવું.

૧૨) ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૩નો પેપર પ્રિન્ટીંગને લગતો યુનિવર્સિટી વિરુધ્ધનો શ્રી મૃગેષ જે પુરોહિત ધ્વારા આરબ્રીટેશનમાં દાખલ કરવામાં આવેલ દાવા બાબતે વિચારણા કરવા અંગે

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે નિર્ણય કરવા માટે મા.કુલપતિશ્રીના અધ્યક્ષપણા નીચે નીચે દર્શાવેલ સભ્યશ્રીઓની કમીટી નિમવામાં આવી.

૧) શ્રી ધ્રુમિલભાઇ પટેલ ૩) શ્રી ડૉ.એચ સી સરદાર ૩) શ્રી ડૉ.હરેશ વાઢેર

યુનિવર્સિટી ધ્વારા નિયુકત એડવોકેટશ્રીના માર્ગદર્શન હેઠળ તેમની ભલામણો સુપ્રત કરવાનું રાખવું.

૧૩) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને યુનિવર્સિટી કેમ્પસમાં ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ ઇત્યાદીની ખરીદી કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને જુદી જુદી ગ્રાન્ટની જોગવાઇઓ મુજબ યુનિવર્સિટી કેમ્પસમાં ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ ઇત્યાદીની ખરીદી કરવા GEM ઉપરથી તુલનાત્મક તારણ તૈયાર કરીને તે મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી (Lowest-૧) પાસેથી ખરીદવાનું રાખવુ અને તે માટે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

૧૪) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં રહેલ PC કોમ્પ્યુટર તેમજ
અન્ય આનુષાંગિક સાધનોનો વર્ષ ૨૦૧૬-૧૭ માટેનો વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટાકટ કરવાની
બાબત પર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને
યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં રહેલ PC કોમ્પ્યુટર મશીનો તેમજ અન્ય આનુષાંગિક
સાધનોનો વર્ષ ૨૦૧૬-૧૭ માટેનો વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટાકટ યુનિવર્સિટીના જુદા જુદા
વિભાગોમાં રહેલ કુલ ૫૨૭ કોમ્પ્યુટર મશીનો તેમજ ૨૩૯ પ્રિન્ટરોનો વાર્ષિક મેન્ટેનન્સ
કોન્ટાકટ ગત વર્ષના ટેન્ડરના તેમજ ડીસ્કાઉન્ટ કરેલા ભાવો મુજબ મે.ક્રિષ્ણા સોફટેક,
અમદાવાદ સાથે તા.૧/૮/૨૦૧૬થી તા.૩૧/૭/૨૦૧૭ માટે એક વર્ષનો મેન્ટેનન્સ કોન્ટ્રાકટ ગત
વર્ષ કરતા વધારેલા ડીસ્કાઉન્ટના દર પ્રમાણે કરવાનું રાખવુ અને તે માટે થનાર
રૂ.૪,૯૭,૨૨૨/- પુરાનો ખર્ચ મંજુર કરવો.

૧૫) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં આવેલા યુ.પી.એસ.ના વર્ષ
૨૦૧૬-૧૭ માટેનો વાર્ષિક મેટેનન્સ કોન્ટ્રાકટ કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.
આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને
યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં આવેલા યુ.પી.એસ.ના વર્ષ ૨૦૧૬-૧૭ માટેનો વાર્ષિક
મેટેનન્સ કોન્ટ્રાકટ M/s.Novateure Electrical & Digitial System Pvt.Ltd. સાથે
અગાઉના વર્ષનો કરેલ કોન્ટ્રાકટ પુરો થયા પછીની તારીખથી એક વર્ષ માટે કરવાનો રાખવું
અને તે માટે થનાર કુલ રૂ.૨,૬૪,૩૩૧/-+ ટેક્ષ+ વેટ સાથેનો ખર્ચ મંજુર કરવો.

૧૬) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને રુસાના કોમ્પોનન્ટ-૩ સ્માર્ટ કલાસરુમ (૩૫ એકેડેમિક વિભાગ )
માટે જરુરી ઇલેકટ્રોનિકસ હાર્ડવેર ખરીદવા માટેની બાબત પર વિચારણા કરવા બાબત.
આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને
રુસાના કોમ્પોનન્ટ-૩ મુજબ સ્માર્ટ કલાસરુમ (૩૫ એકેડેમિક વિભાગ ) માટે જરુરી
ઇલેકટ્રોનિકસ હાર્ડવેર ખરીદવા માટે GEM/DGS&D ઉપરથી તુલનાત્મક તારણ તૈયાર કરીને
તે મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી (Lowest-૧) પાસેથી ખરીદવાનું રાખવુ અને તે
માટે થનાર કુલ રૂ.૧,૨૦,૧૮,૧૬૦/-પુરાનો ખર્ચ ગ્રાન્ટની જોગવાઇ મુજબ મંજુર કરવો.

૧૭) જુદી જુદી કોલેજો ધ્વારા ડીપોઝીટ તરીકે મુકવામાં આવેલ રકમનું વ્યાજ પરત કરવા અંગે
એકિઝકયુટીવ કાઉન્સીલને નિર્ણય લેવા ભલામણ કરવામાં આવે છે.

૧૮) મા.કુલપતિશ્રીનું મંજૂર કરેલ કાર્ય જાણ સારું.

૧) ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્સન હોલને નીચે જણાવેલ તારીખોએ વિવિધ હેતુઓ માટે વપરાશમાં લીધેલ તેના મે.ગાંધી કોર્પોરેશનને ચુકવેલ કુલ રૂપિયા મંજૂર કર્યાનું.

| વિગત | તારીખ | ચુકવેલ રકમ |
|---|---|---|
| ૧) પદવીદાન સમારંભ | ૧૩-૩-૨૦૧૬ | રૂ.૪,૯૯,૦૦૦/- |
| ૨) નોબલ લેકચર | ૧૧-૧-૨૦૧૭ | રૂ.૪,૯૯,૦૦૦/- |
| ૩) પદવીદાન સમારંભ | ૦૩-૨-૨૦૧૭ | રૂ.૪,૯૯,૦૦૦/- |

૨) એસ્ટેટ વિભાગને યુનિવર્સિટી કેમ્પસ પરના સફાઇ કામ અંગે હાઉસ કીપીંગ અંગેનો કોન્ટ્રાકટ મંજૂર કર્યાનું અને તાત્કાલિક ટેન્ડર કરવાનું ઠરાવવામાં આવ્યું.

૩) GUSEC ખાતે સ્વતંત્ર રીતેકામ કરે તે રીતે Section-૮ Company બનાવવામાં આવી છે જે અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવાનું રાખવું.

મા.કુલપતિશ્રીના મંજુર કરેલ ઉપરોકત કાર્યની નોધ લેવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયું.

કા.કુલસચિવ

ઈ. સી. તા-૧૦-૬-૨૦૧૭

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર્સ/ /૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય.
અમદાવાદ-૯ તા.૨૨/૩/૨૦૧૭

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૨૧-૦૩-૧૭ને મંગળવારના રોજ સાંજના ૦૬-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કા.કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કા.કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૧૦/૦૨/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૧૦/૨/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં વિવિધ પ્રકારના કાગળો તથા લેખન સામગ્રી ખરીદવા માટે ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં વિવિધ પ્રકારના કાગળો તથા લેખન સામગ્રી ખરીદવા માટે ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો ઉપરથી પ્રેસ મેનેજરશ્રીએ તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ અને કરેલ ભલામણ મુજબ આઇટમ વાઇઝ સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારી પાસેથી ટેન્ડરોની શરતો મુજબ ખરીદવાનું રાખવું અને તે માટે થનાર વાર્ષિક કુલ રૂ.૧૬,૬૨,૩૮૫/- (અંકે રૂપિયા સોળ લાખ બાસઠ હજાર ત્રણસો પંચ્યાસી) પુરાનો ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૩) ગુજરાત યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૦-૬૨ Bમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૦-૬૨ Bમાં સુધારો કરવા અંગેની બાબતને અલગથી તૈયાર કરીને મંજુરી મેળવીને આગામી એકિઝક્યુટીવ કાઉન્સીલમાં ચર્ચા માટે મુકવાનું રાખવું.

૪) કેમેસ્ટ્રી વિભાગમાં શૈક્ષણિક અને સંશોધન કરવા અંગે Schrodinger Softwareના લાઇસન્સને ૨૦૧૭ થી ૨૦૨૦ સુધીના ત્રણ વર્ષ માટે રીન્યુ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે કેમેસ્ટ્રી વિભાગમાં શૈક્ષણિક અને સંશોધન કરવા અંગે Schrodinger Softwareના લાઇસન્સને ૨૦૧૭ થી ૨૦૨૦ સુધીના ત્રણ વર્ષ માટે રીન્યુ કરવાનું રાખવું અને તે માટે થનાર USD ૮૦૦૦ (આઠ હજાર ડોલર)ના ખર્ચ ડીજીટાઇઝેશનની ખર્ચ જોગવાઇમાંથી મંજુર કરવાનું રાખવું.

૫) યુજીસીની બારમી પંચવર્ષીય યોજનાની ગાઇડ લાઇન મુજબ ઇકવીપમેન્ટ સ્કીમ હેઠળ વિજ્ઞાનવિદ્યા ભવનના જુદા જુદા ભવનો માટે ઇન્સ્ટ્રુમેન્ટ ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ અને આવેલ L-૧ ભાવો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે યુજીસીની બારમી પંચવર્ષીય યોજનાની ગાઇડ લાઇન મુજબ ઇકવીપમેન્ટ સ્કીમ હેઠળ વિજ્ઞાનવિદ્યા ભવનના તથા જર્નાલિઝમ અને CDC વિભાગ તથા જુદા જુદા ભવનો માટે ઇન્સ્ટુમેન્ટ ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો પરથી વિભાગીય વડાશ્રીએ તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ અને કરેલ ભલામણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારી પાસેથી ટેન્ડરોની શરતો મુજબ ખરીદવાનું રાખવું અને તે માટે થનાર કુલ રૂ.૩૦૫૨૨૬૫૩/-નો ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૬) રુસાના કમ્પોનન્ટ-૩ (ઇન્ફ્રાસ્ટકચર ગ્રાન્ટ ટુ યુનિવર્સિટી) હેઠળ વિજ્ઞાનવિદ્યા ભવનના જુદા જુદા ભવનો તેમજ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ સેન્ટર માટે ઇન્સ્ટુમેન્ટ ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રુસાના કમ્પોનન્ટ-૩ (ઇન્ફ્રાસ્ટકચર ગ્રાન્ટ ટુ યુનિવર્સિટી) હેઠળ વિજ્ઞાનવિદ્યા ભવનના જુદા જુદા ભવનો માટે ઇન્સ્ટુમેન્ટ ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો પરથી વિભાગીય વડાશ્રીએ તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ અને કરેલ ભલામણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારી પાસેથી ટેન્ડરોની શરતો મુજબ ખરીદવાનું રાખવું અને તે માટે થનાર કુલ રૂ.૪૦૩૮૯૧૩૫/-નો ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૭) ગુજરાત યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત અને કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજીસ લેબોરેટરીના સ્ટાફ ધ્વારા રજુ કરેલ પ્રાયોગિક પરીક્ષાના મહેનાણામાં વધારો કરવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી એકેડેમિક કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત અને કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજીસ લેબોરેટરીના પ્રાયોગિક પરીક્ષાના મહેનાણામાં તેઓના તા.૧૬-૩-૧૭ના પત્રમાં દર્શાવ્યા મુજબ લેબ.આસિ., ગેસ મીકેનિક, ઇલેકટ્રીશ્યન, સ્ટોરકીપર, પ્લાન્ટ કલેકટર વગેરે લેબ સ્ટાફનું વળતર વધારી રૂ.૨૨૦/- (રુપિયા બસો વીસ) અને લેબ હમાલના ચાર્જ વધારી રૂ.૧૫૦/- (એકસો પચાસ)નો કરવાનું રાખવું.

૮) ગુજરાત યુનિવર્સિટીનું વર્ષ ૨૦૧૭-૧૮નું ઇન્ટરનલ ઓડીટ કરવા માટે ઓડીટરની નિમણુંક કરવા પરત્વે વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત બાબત અંગે નિર્ણય કરવા માટે CA Firm પાસેથી જરુરી એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ તેમજ અન્ય જરુરી વિગતો મેળવી નિર્ણય કરવાની સત્તા મા.કુલપતિશ્રીને સોપવામાં આવી.

૯) યુજીસી બારમી યોજના અંતર્ગત બી કે સ્કુલ, સાયકોલોજી, સ્ટેસ્ટીસ્ટીક્સ, જીઓગ્રાફી તેમજ અન્ય ભવનો માટે શૈક્ષણિક સહાય સંશોધનો ખરીદી માટે રૂ.૫૩૯૨૪૪૧/-ની મર્યાદામાં યુનિવર્સિટીના ઓર્ડીનન્સ-૬૨-Dની જોગવાઇ મુજબ ખર્ચ મંજુર કરવા એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયું.

કા.કુલસચિવ

ઈ.સી.તા- ૧૦-૬-૨૦૧૭
બાબત ક્રમાંક-૬

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર્સ/ /૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૪/૫/૨૦૧૭

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૨૮-૦૩-૧૭ને મંગળવારના રોજ સાંજના ૦૬-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી: સભાનું પ્રમુખ સ્થાન કા.કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કા.કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૨૧/૦૩/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૨૧/૦૩/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં I T Cellની તા.૨૦-૩-૨૦૧૭ના રોજ બપોરે ૪-૦૦ વાગે મળેલ મિટીંગની મિનિટસ ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં તા.૨૦-૩-૨૦૧૭ના રોજ બપોરે ૪-૦૦ કલાકે મળેલ I T Cellની મિટીંગની મિનીટસમાં દર્શાવેલ ટેબલનં.૩ના ઇકવીપમેન્ટના સ્ટેટમેન્ટ મુજબ અનુક્રમનં.૨માં દર્શાવેલ Integrated Community Computer માટેનો GILમાંથી મંગાવેલ ટેન્ડર મુજબ રૂ.૧૭,૪૪,૩૧૩/- (ટેક્ષ સાથેનો) ખર્ચ મંજૂર કરવાનું રાખવું અને અન્ય બાબતે GIL/GIPL/NICSI/GEM મારફત કાર્યવાહી કરી આગામી બેઠકમાં મંજુરી સબબ રજૂ કરવાનું રાખવું.

૩) કો.ઓર્ડીનેટરશ્રીના તા.૧૭-૧૧-૧૬ના આવેલ પત્રના સંદર્ભમાં આગામી પરીક્ષાઓના મહેનતાણાંના દરમાં વધારો કરવા અંગે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે આગામી પરીક્ષાઓના મહેનતાણાંના દરોમાં તા.૧૭-૧૧-૧૬ના કો.ઓર્ડીનેટરશ્રીના પત્રના સંદર્ભમાં વિચારણા કરવા અર્થે રજૂ કરવું.

૪) ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

(signature)
કા.કુલસચિવ

164-30-06-2017

દિ. સી.તા-૧૦-૬-૨૦૧૭
બાબત ક્રમાંક-૬-

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર્સ/ /૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા. /૬/૨૦૧૭

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૦૧-૦૬-૧૭ને ગુરુવારના રોજ સાંજના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૨૮/૦૩/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.
ફાયનાન્સ સમિતિની તા.૨૮/૦૩/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) એસ.ડી. સ્કુલ ઓફ કોમર્સ ખાતે ચાલતા HPP (Post Graduate Diploma in Financial Analysis (PGDIFA) અને (Post Graduate Diploma in Financial Markets and Insurance (PGDFMI)ની કુલ રકમ રૂ.૪૦,૦૦,૦૦૦/- (ચાલીસ લાખ)થી વધુ તેમજ M.Com. Integrated Programmની કુલ રકમ રૂ.૧૪,૦૦,૦૦૦/- (ચૌદ લાખ)થી વધુ Department of Advanced Business Studies ખાતે ફેરબદલ કરવા બાબત.

આથી એકિઝક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના સ્કુલ ઓફ કોમર્સમાં HPP ધોરણે ચાલતા PGDIFA તથા PGDFMIની સરપ્લસ રકમ રૂ. ૪૦,૦૦,૦૦૦/- (ચાલીસ લાખ) તથા HPP ધોરણે ચાલતા એમ.કોમ. (INT)ની સરપ્લસ રકમ રૂ. ૧૪,૦૦,૦૦૦/- (ચૌદ લાખ) એમ કુલ રૂ.૫૪,૦૦,૦૦૦/- સ્કુલ ઓફ કોમર્સના Department of Advanced Business Studies નું નવુ ખાતુ ખોલાવીને તેમાં તબદીલ કરવાનું રાખવુ અને સદર ખાતુ યુનિવર્સિટીના અન્ય HPP મુજબની સહીથી ઓપરેટ કરવાનું રાખવું.

૩) ગુજરાત યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા RMOશ્રી ધ્વારા તા.૨૬-૮-૧૬ને શુક્રવારના રોજની ફાયનાન્સ સમિતિમાં બાબત ક્રમાંક-૭થી તેઓશ્રીને માસિક વેતન કુલ રૂ.૪૦,૦૦૦/- ચુકવવાનું મંજુર કરવામાં આવેલ છે તે ઉપરાંત તબીબી સહાયના બીલોના મહેનતાણાંની વધારાની રકમ રૂ.૩,૦૦૦/- પુરા પ્રતિ માસ ચુકવવા પરત્વેની અરજી પર વિચારણા કરવા અંગે

(નોધ : આ મંજુર કરવાથી કુલ માસિક વેતન રૂ.૪૩૦૦૦/- થશે)

આથી એકિઝક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા RMOશ્રીને મળતા માસિક વેતન ઉપરાંત તબીબી સહાયના બિલોના

મહેનતાણાંની વધારાની રકમ પ્રતિ માસ રૂ.૩૦૦૦/- પુરા તા.૧/૬/૨૦૧૭થી વેતનની સાથે જ ચુકવવાનું રાખવું.

૪) ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૨૦૧૭-૧૮ માટેની જુની ઉત્તરવહીઓના નિકાલ કરવા માટેની બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ : અગાઉ વર્ષ ૨૦૧૫માં વર્તમાનપત્રમાં જાહેર ખબર આપીને ભાવો મંગાવવામાં આવેલ હતા અને વર્ષ ૨૦૧૬માં તે જ વેપારીને એક વર્ષ માટે રીન્યુ કરવામાં આવેલ હતો)

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૨૦૧૭-૧૮ માટેની જુની ઉત્તરવહીઓ અગાઉના વર્ષના જ-વેપારીશ્રી રામચંદ્રભાઇ બુચાભાઇને ગયા વર્ષના ભાવે એક કિલોના રૂ.૧૮-૭૦ પૈસા (રુપિયા અઢાર અને સિતેર પૈસા)ના ભાવેથી તા.૧૯-૬-૨૦૧૭થી તા.૧૮-૬-૨૦૧૮ સુધીના એક વર્ષના સમય માટે જુના ટેન્ડરની શરતો મુજબ વેચાણ આપવાનું રાખવું.

૫) કેમેસ્ટ્રી વિભાગમાં શૈક્ષણિક અને સંશોધન કરવા અંગે Schrodinger Softwareના લાઇસન્સને ૨૦૧૭ થી ૨૦૨૦ સુધીના ત્રણ વર્ષ માટે રીન્યુ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોધ : આ બાબત અંગે અગાઉ તા.૨૧-૩-૧૭ના રોજની ફાયનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૪થી મંજુરી આપવામાં આવેલ છે)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગેની ઉપયોગીતા અંગે મા.કુલપતિશ્રીના અભ્યાસ બાદ નિર્ણય લેવાનું રાખવું.

૬) GUSEC તરફથી આવેલ તા. ૨૩-૫-૧૭ના પત્રાંક નં.ACNT/2017/05/OTRO1માં દર્શાવેલ Section-8 ની કંપની સ્થાપના થયા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે GUSEC તરફથી આવેલ ઉપરોકત બાબત પરત્વે અભિનંદન આપવાનું રાખવું અને આગળના વર્ષોમાં સફળતા પૂર્વકની કાર્યવાહી માટે શુભેચ્છા પાઠવવાનું રાખવું.

૭) ચાર્ટડ એકાઉન્ટન્ટ અમરીષ જે પટેલ એન્ડ કંપની તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૧૫ સુધીના તમામ ખર્ચના બેલેન્સશીટોને ચાર્ટડ એકાઉટન્ટ પાસે પ્રમાણિત કરાવવા અંગે C A પાસેથી ઇ-ટેન્ડરીંગ કરી ભાવો મંગાવીને કાર્યવાહી કરવાનું રાખવું.

૮) બી કે સ્કુલ ઓફ બીઝનેશ મેનેજમેન્ટમાં ફરજ બજાવતા પ્લેસમેન્ટ ઓફીસરે A C ખરીદવા અંગે કરેલ ખર્ચ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી કે સ્કુલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટમાં ફરજ બજાવતા પ્લેસમેન્ટ ઓફીસરને યુનિવર્સિટીના નિયત કરેલ મળવાપાત્ર A Cની સગવડ મુજબનો પગાર સ્કેલ નહીં હોવાથી A C ફાળવી શકાય તેમ નથી તથા પ્લેસમેન્ટ માટે મળવા આવતા કંપની પ્રતિનિધિઓ સાથેની મિટીંગની સંબધીત વ્યવસ્થા વિભાગીય વડાશ્રીએ કરવાની રહેશે.

૯) ગુજરાત યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં કેરટેકરની જગ્યા માટે શ્રી છગનલાલ ચીમનલાલ જોશીની આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ સમારકામ તથા PPP Modelથી ચલાવવા અંગે વિચારણા કરી નિર્ણય લેવાનું રાખવું.

૧૦) એસ્ટેટ વિભાગ ધ્વારા રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે કુલ ૭ (સાત) નંગ Split AC ખરીદવા માટે આવેલ CSPORC મુજબના કોવોટેશન ઉપર વિચારણા કરવા બાબત

નોધ : આ અંગે કુલ રૂ.૨,૨૮,૦૦૦/- તથા ઇન્સ્ટોલેશન ચાર્જ રૂ.૩૨૯૦૦/- +VAT + Service Taxનો ખર્ચ થશે જે ખર્ચ બજેટકોડ ૨૩૩૩૦૦૦ ખાતે પડશે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે કુલ ૭ (સાત) નંગ Split AC ખરીદવાનું મંજુર કરવું અને તે અંગે થનાર કુલ રૂ.૨,૨૮,૦૦૦/- તથા ઇન્સ્ટોલેશન ચાર્જ રૂ.૩૨૯૦૦/- +VAT + Service Taxનો ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૧૧) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગો અને ભવનોના વપરાશ માટેની વર્ષ ૨૦૧૭-૧૮ માટેની વાર્ષિક સ્ટેશનરી ખરીદવા માટે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી Off Line ટેન્ડરો મંગાવીને વાર્ષિક કરાર કરવાની મંજુરી આપવા તથા તે માટે થનાર આનુષાંગિક ખર્ચ મજુર કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગો અને ભવનોના વપરાશ માટેની વર્ષ ૨૦૧૭-૧૮માટેની વાર્ષિક સ્ટેશનરી ખરીદવા માટે ભાવપત્રકો મંગાવીને તુલનાત્મક તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી (L-૧) પાસેથી સ્ટેશનરી ખરીદવા માટેનો વાર્ષિક કરાર કરવાનું રાખવું.

૧૨) ઓર્ડીનન્સ-૬૨-Dમાં નીચે મુજબની નાણાંકીય સતાઓમાં સુધારો કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

1) Ordinance-62-D (8) [illegible]

[illegible]

કરવાનું રાખવું.

[illegible] એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે Ordinance-62 D (8) માં ઉપર

૧૩) ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષાઓના મુલ્યાકન માટેના મહેનતાણાંના ખર્ચ અંગે સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષાઓના મુલ્યાકન માટેના મહેનતાણાંના ખર્ચની બાબતને તા.૨૬-૮-૧૬ના રોજની ફાયનાન્સ સમિતિના ઠરાવ ક્રમાંક-૩ અન્વયેની સમિતિનો અહેવાલ આગામી એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સમક્ષ રજુ કરવાનું રાખવું.

૧૪) ગુજરાત યુનિવર્સિટીમાં આવતી તમામ પ્રકારની ગ્રાન્ટ તથા કરવામાં આવતા તમામ પ્રકારના પ્રોજેકટો તથા તેના સંલગ્ન આનુષાંગિક ખર્ચની જાણ તથા મંજુરી યુનિવર્સિટીની ફાયનાન્સ સમિતિમાં મુકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં આવતી તમામ પ્રકારની ગ્રાન્ટ તથા કરવામાં આવતા તમામ પ્રકારના પ્રોજેકટો તથા તેના સંલગ્ન આનુષાંગિક ખર્ચ વગેરે અંગેની તમામ માહિતી તેમજ મંજુરીઓ અંગેની જાણ તથા તેના સંલગ્ન અહેવાલો ફાયનાન્સ સમિતિની મંજુરી/જાણ માટે અવશ્ય મુકીને આનુષાંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

૧૫) ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ શૈક્ષણિક હેતુઓ માટેની પ્રવૃતિ માટે ચાલતી GUSEC વિભાગના ખર્ચ માટેની ગ્રાન્ટ અંગેની જોગવાઇ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ શૈક્ષણિક હેતુઓ માટેની પ્રવૃતિ માટે ચાલતી GUSECની સંસ્થાને તેના આનુષાંગિક ખર્ચ માટે ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટની જોગવાઇમાંથી કુલ રૂ.૪,૮૯,૦૦૦/- (ચાર લાખ નેવ્યાસી હજાર) પુરાની ગ્રાન્ટ GUSEC માં ટ્રાન્સફર કરવાનું રાખવુ જે અંગેના ઓડીટ થયેલા હિસાબો તથા વપરાશ અંગેનું પ્રમાણપત્ર વર્ષના અંતે યુનિવર્સિટી સમક્ષ મંજુરી સબબ રજુ કરવાનું રાખવું.

૧૬) ગુજરાત યુનિવર્સિટીના વપરાશ માટે લેવાતી નીચે જણાવ્યા મુજબના રજીસ્ટ્રેશન નંબર અને ખરીદીના વર્ષ મુજબની ગાડીઓ ઘણી જ જૂની અને આયુષ્ય મર્યાદા કરતા પણ વધુ વપરાશમાં લેવાયેલ હોવાથી મેન્ટેનન્સ અને રીપેરીંગ ખર્ચ વધુ આવતો હોવાથી તેની જગ્યાએ ઓફિસ વપરાશ માટે બે નવી ગાડીઓ રૂ.૨૦,૦૦,૦૦૦/-ની મર્યાદામાં ખરીદવાની બાબત અંગે વિચારણા કરવા અંગે.

| ગાડી નંબર | ખરીદી અંગેનું વર્ષ |
|---|---|
| 1) GJ-1-HJ-4260 | ૨૦૦૬ |
| 2) GJ-1-R-6421 | ૧૯૯૩ રાઇટ ઓફ કરેલ છે |
| 3) GJ-1-BP-1954 | ૧૯૯૮ રાઇટ ઓફ કરેલ છે |
| 4) GJ-1-KD-8215 | ૨૦૧૦ |
| 5) GJ-1-HE-4232 | ૨૦૦૭ |
| 6) GJ-1-HE-3937 | ૨૦૦૬ રાઇટ ઓફ કરેલ છે |

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે સદર બાબતને ધ્યાનમાં લેતા ગુજરાત યુનિવર્સિટીના વપરાશ માટે રૂ.૨૦,૦૦,૦૦૦/- (રુપિયા વીસ લાખ પુરા)ની મર્યાદામાં બે નવી ગાડીઓ તથા કુલપતિશ્રીની ગરીમા ધ્યાને લઇને એક નવી કાર સરકારશ્રીના નિયમાનુસાર ખરીદવાનું રાખવું અને જેનો ખર્ચ ERDF ખાતે પાડવાનો રાખવો.

૧૭) કે એસ સ્કુલ માટે ખરીદાયેલ કુલ ૩૫ ACની મંજુરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એડવાઇઝરી કમીટીમાં તેની ઉપયોગીતા અંગેની ચકાસણી કરીને તેના નિર્ણયને આગામી ફાયનાન્સ સમિતિમાં મુકવાનું રાખવું.

૧૮) <u>કુલપતિશ્રીએ મંજુર કરેલ કાર્ય જાણ સારુ.</u>

૧) ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીની નિમણુંક માટે નિમાયેલ સર્ચ કમિટીમાં થયેલ ખર્ચ મંજુર કર્યાના.

૨) એસ્ટેટ વિભાગના સસ્પેન્ડેડ એન્જીનિયરશ્રી દર્શનસિંહ સોલંકીની નિમાયેલ ઇન્કવાયરી કમિટી તેમજ લીગલ કાર્યવાહી માટે થયેલ રૂ.૪,૪૦,૦૦૦/-નો ખર્ચ મંજુર કર્યાના.

૩) ગુજરાત યુનિવર્સિટીમાં સબ સેન્ટર માટે તા.૨૧-૩-૧૭ના રોજ મળેલ ઓબ્ઝરવર કમીટીની સભામાં રજુ કરવામાં આવેલ બાબતો સ્વીકારાયાનું.

૪) સ્ટાફ/સ્ટુડન્ટની પોષણક્ષમ જરુરીયાતોને પહોંચીવળવા કોર્પસ ઉભું કરવું.

કુલપતિશ્રીના ઉપરોકત મંજુર કરેલ કાર્યોની નોંધ લઇને મંજુરી આપવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા.કુલસચિવ

૩૩૧-૩૦-૦૧-૨૦૧૭

ઈ-સ.ભા.-૧૪-૧૦-૨૦૧૭

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટાર્સ/૧૨૬૪૮/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧૭/૬/૨૦૧૭
૧૯/૮/૧૭

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૬-૦૬-૧૭ને શુક્રવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૧/૦૬/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૧/૦૬/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલ વિકાસના કાર્યોના બીલોની ચુકવણી અંગે નાણાંકીય આયોજન કરવા અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી ખાતે BC તથા EC ધ્વારા મંજૂર કરવામાં આવેલ વિકાસ કાર્યોના બીલોની ચુકવણી માટે સરકારશ્રી તરફથી અલગ અલગ મથાળેની ગ્રાન્ટ ઉપલબ્ધ થયેલ છે.અમુક મથાળા જેવા કે સ્પોર્ટસ ઓથોરીટી, RUSA, UGC વિગેરે ગ્રાન્ટના બીજા હપ્તાઓ આવવામાં વિલંબ થવાથી આવેલી પરિસ્થિતિમાં યુનિવર્સિટી ખાતે ચાલી રહેલ અત્યંત જરૂરી વિકાસ કાર્યો નાણાંના અભાવે સ્થગિત ન રહે તે ધ્યાને લેતા સરકારશ્રી તરફથી નવીનીકરણની ગ્રાન્ટ પેટે આવેલા રૂ.૩૧ કરોડ પૈકી મુકવામાં આવેલ રૂ.૨૦/- કરોડની FD કે જે માહે ફેબ્રુઆરી-૨૦૧૮મા પાકે છે તેને પ્રિમેચ્યોર વટાવવાનું રાખવું.

૩) ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટસ વિભાગ માટે ઇક્વિપમેન્ટ અંગેની ખરીદી કરવા અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટસ વિભાગ માટે RUSAની ગ્રાન્ટમાંથી ઇક્વિપમેન્ટ અંગેની ખરીદી કરવા અંગે આવેલ આઇટમ વાઇઝ ભાવોમાંથી L-૧ વેપારીઓ પાસેથી ખરીદી કરવાનું રાખવું.

૪) ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે ઇક્વિપમેન્ટ અંગેની ખરીદી કરવા અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે RUSAની ગ્રાન્ટમાંથી ઇક્વિપમેન્ટ અંગેની ખરીદી કરવા અંગે L-૧ વેપારીઓ પાસેથી ખરીદી કરવાનું રાખવું

૫) કેમેસ્ટ્રી વિભાગ ખાતે Schrodinger Software એક વર્ષ માટે $૮૦૦૦/-માં રીન્યુ કરવા બાબત.

તા.૧-૬-૧૭ની FCના ઠરાવ ક્રમાંક-૫ અન્વયે મા.કુલપતિશ્રી, વડાશ્રી, રસાયણ વિભાગ તથા Srodingerના પ્રતિનિધિ સાથે ચર્ચા કર્યા બાદ સદર વિભાગ માટે ખૂબ જ જરૂરી હોઇ તથા Sole Softwar Developer હોઇ US $૮૦૦૦/-ના ખર્ચે Schrodinger Software એક વર્ષ માટે રીન્યુ કરવાનું રાખવું. આ અંગેનો ખર્ચ વિભાગના HPP ફંડમાંથી કરવાનું રાખવું.

૬) યુનિવર્સિટી હોસ્ટેલના વિધાર્થીઓના મેસ બિલમાં રૂ.૧૫૦/- પ્રતિ વિધાર્થી દીઠ પ્રતિ માસ સુધીની રાહત આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી હોસ્ટેલના વિધાર્થીઓના મેસ બીલમાં સદર રાહત આપવા માટે કાયમી ફંડ ઉભુ કરવું. આ માટે રૂ.૩ કરોડની રકમની જનરલ ફંડમાંથી થાપણો કાયમી ફંડ ખાતે ટ્રાન્સફર કરવી. (પરિશીષ્ટ-૧) આ અંગે PPP Modeમાં હોસ્ટેલ મેસ ચલાવવા અંગેની દરખાસ્ત માટે આગામી દિન-૧૦માં બેઠક કરી ફાયનાન્સ સમિતિમાં રીપોર્ટ કરવાનું રાખવું.

૭) ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરતા અન્ય કોઇ સ્કોલરશીપ/ફેલોશીપ/આર્થિક સહાય ન મેળવતા વિધાર્થીઓને રૂ.૧૦૦૦/- પ્રતિ વિધાર્થી પ્રતિ માસ મહતમ અભ્યાસના ત્રણ વર્ષ અભ્યાસ સુધી સ્કોલરશીપ આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિ.માં પીએચ.ડી. કરતા અન્ય કોઇ સ્કોલરશીપ ન મેળવતા વિધાર્થીઓ માટે કાયમી ફંડ ઉભુ કરવું. આ માટે જનરલ ફંડમાંથી કાયમી ફંડ ખાતે જરૂરી રકમ ટ્રાન્સફર કરવાનું રાખવું. (પરિશીષ્ટ-૨)

૮) રુસાની ઇકવીપમેન્ટ ગ્રાન્ટ અંતર્ગત ભૂગોળ ભવન તથા આંકડાશાસ્ત્ર ભવનો ધ્વારા GEM Portal પરના તુલનાત્મકપત્રકથી ઉપરના મોડેલની ખરીદી કરવા અંગે વિચારણા કરવા બાબત.

GEMમાં અગાઉ જે મોડેલ માટે ભાવ મંગાવવા માટે મંજુરી મળેલ હતી તે મોડલ કરતા ઉંચુ મોડલ હોઇ ડાયરેકટર, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરનો અભિપ્રાય મેળવ્યા બાદ ચુકવણી કરવાનું રાખવું.

૯) તા.૧-૬-૨૦૧૭ની ફાયનાન્સ સમિતિમાં બાબત ક્રમાંક-૧૬થી મંજુરી થયેલ બે નવી ગાડીઓ પેટે સ્વીફ્ટ ડીઝાયર ન્યુ (ડીઝલ) તથા અર્ટીગો (ડીઝલ) ખરીદવા અંગે E-Tender/GEM મારફત કાર્યવાહી કરવાનું રાખવું.

૧૦) યુજીસી બારમા પ્લાન પૂર્ણ થયેલ હોઇ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો ધ્વારા યતા પરિસંવાદો, કાર્યશાળા યોજવા માટે બારમા પ્લાનની યોજના મુજબની જોગવાઇ મુજબ રૂ.૨૫,૦૦,૦૦૦/-ની નાણાંકીય જોગવાઇ કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા. કુલસચિવ

ઈ. સ.ના.-૧૪-૧૦-૧૭

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર્સ/૧૫૭૭/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૪/૧૦/૨૦૧૭

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૦૫-૦૯-૧૭ને મંગળવારના રોજ ૧૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૧૬/૦૬/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૧૬/૦૬/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) કેમેસ્ટ્રી ભવન ખાતે બાંધકામ સમિતિ તા.૨૭-૧૨-૧૪ બાબત ક્રમાંક-૬(અ) અન્વયે યુનિવર્સિટી મુખ્ય કાર્યાલય, ભવનો તથા ક્વાર્ટર્સમાં કરેલ કલર કામગીરી પેટે એપોલો બિલ્ડ હોમ પ્રા.લિ.ને મુકેલ બિલ પેટેની રકમ સાથે સામેલ કરેલ એફીડેવીટ મુજબ નહીં મળવા અંગેની બાબત અંગેની વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતને આગામી બાંધકામ સમિતિમાં મુકીને બાંધકામ સમિતિની ભલામણો સાથે આગામી ફાયનાન્સ સમિતિમાં મુકવાનું રાખવું.

૩) ગ્રંથાલય ભવન ખાતે બાંધકામ સમિતિ તા.૨૭-૧૨-૧૪ બાબત ક્રમાંક-૬(અ) અન્વયે યુનિવર્સિટી મુખ્ય કાર્યાલય, ભવનો તથા ક્વાર્ટર્સમાં કરેલ કલર કામગીરી પેટે એપોલો બિલ્ડ હોમ પ્રા.લિ.ને મુકેલ બિલ પેટેની રકમ સાથે સામેલ કરેલ એફીડેવીટ મુજબ નહીં મળવા અંગેની બાબત અંગેની વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતને આગામી બાંધકામ સમિતિમાં મુકીને બાંધકામ સમિતિની ભલામણો સાથે આગામી ફાયનાન્સ સમિતિમાં મુકવાનું રાખવું.

૪) બાંધકામ સમિતિ તા.૨૭-૧૨-૧૪ બાબત ક્રમાંક-૬(અ) અન્વયે યુનિવર્સિટી મુખ્ય કાર્યાલય, ભવનો તથા ક્વાર્ટર્સમાં કરેલ કલર કામગીરી પેટે એપોલો બિલ્ડ હોમ પ્રા.લિ.ને મુકેલ બિલ પેટેની રકમ સાથે સામેલ કરેલ એફીડેવીટ મુજબ નહીં મળવા અંગેની બાબત અંગેની વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતને આગામી બાંધકામ સમિતિમાં મુકીને બાંધકામ સમિતિની ભલામણો સાથે આગામી ફાયનાન્સ સમિતિમાં મુકવાનું રાખવું.

૫) ગુજરાત યુનિવર્સિટીની ઓ.એસ.ડી ફી રીવ્યું કમીટીના તા.૨૯-૮-૨૦૧૭ના હિસાબો તથા બેંકના ખાતાની જમા રકમ અને થયેલ કુલ ખર્ચ બાબતની મંજુર કરવા અંગેના આવેલ રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

OSD ફી રીવ્યુ કમિટી ધ્વારા સમિતિને જણાવ્યા મુજબ સદર કેસની પ્રત્યેક મુદતે રૂ.૨-૫૦ લાખ વકીલનો તથા ૭૫૦૦૦/- આસિસ્ટન્ટનો તેમ કુલ રૂ.૩-૨૫ લાખ જેટલો ખર્ચ થઇ રહયો છે. આ કેસની અત્યાર સુધી ૧૬ જેટલી મુદતો પડેલ હોઇ રૂ.૫૦ લાખ કરતા વધુનો ખર્ચ સંભવિત છે આ અંગે યુનિવર્સિટી વતી મા.કુલપતિશ્રી, મા.વકીલશ્રી સાથે ચર્ચા વિચારણા કરી અને આગામી સભા સમક્ષ પ્રસ્તાવ મુકશે.

૬) પરીક્ષા વિભાગના તા.૨૯-૭-૧૭ના પત્રમાં જણાવ્યા મુજબ મેટા આઇ ટેકનોલોજીસ પ્રા.લિ. તરફથી આવેલ તા.૧૨-૭-૧૬ના રોજ કોન્ટ્રાકટને એક વર્ષ માટે લંબાવી આપવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદર કામગીરી માટે સત્વરે ઇટેન્ડર કરવાનું રાખવું તથા એકઝામ રીફોર્મ કમિટીની ભલામણ મુજબના નોર્મ્સ નિયત કરવા.

૭) અનુસ્નાતક વિભાગના વર્ષ ૨૦૧૪ની બેચના પી જી મેડીકલ અને ડેન્ટલના પ્રવેશની કામગીરી ઓનલાઇન કરવા માટે તા.૪-૫-૧૬ના પત્ર મુજબ કિષ્ના સોટફટેકને વિધાર્થી દીઠ રૂ.૪૨/-ના ભાવે સોપેલ જેમાં કરેલ રૂ.૨-૫૦નો ભાવ વધારો મંજુર કરવાની બાબત પર વિચારણાકરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે ટેન્ડરમાં દર્શાવેલ ભાવો અને શરતો મુજબ ચુકવણું કરવાનું રાખવું.

૮) ભુગોળ ભવનમાં તા.૨૬-૪-૧૭ના પત્રાંક મુજબ કોમ્પ્યુટરો ખરીદવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ભૂગોળ ભવન માટે HP Desktop નંગ-૪ ખરીદવા માટે GEM ધ્વારા મંગાવેલ ભાવપત્રક ઉપરથી વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારી પાસેથી ખરીદવાનું રાખવું અને તે માટે થનાર રૂ.૨,૩૫,૨૦૦/- (તમામ વેરા સહીત)નો ખર્ચ મંજુર કરવો. આ અંગેનો ખર્ચ યુજીસી ૧૨મા પ્લાનમાંથી કરવાનો રાખવો.

૯) ઉપાસના સ્કુલમાં તા.૮-૫-૧૭ના રોજ મળેલ નિષ્ણાતોની બેઠકમાં ચાલુ વર્ષથી નવા પાંચ વર્ષના ઇન્ટીગ્રેટેડ કોર્ષ માટેની આવક/ખર્ચ અને મહેનતાણાંની બાબતો ઉપર ચર્ચા વિચારણા કરવા માટે મળેલ મિટીંગના રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે મળેલ મિટીંગનો રીપોર્ટ મંજુર કરીને તે સંદર્ભે કાર્યવાહી કરવાનું રાખવું.

૧૦) પરીક્ષા વિભાગના કોન્વોકેશન માટેના કુલ ૭૫૩૧ પદવી પ્રમાણપત્રો તા.૫-૧-૧૬ના યુનિવર્સિટીના પત્ર મુજબ હાઇટેક પ્રિન્ટ સિસ્ટમ લિ.ને રૂ.૨૭-૫૦ પૈસાના ભાવે તૈયાર કરવા માટે આપેલ ઓર્ડના સંદર્ભમાં ઉપરોકત કંપનીએ આપેલ તા.૨૧-૮-૧૭ના બીલનં.૪૦૨માં જણાવ્યા મુજબ દર્શાવેલ કુલ રૂ.૩૨-૪૧ પૈસાના ભાવ મુજબ થતો કુલ રૂપિયા ૪-૯૧ પૈસા [illegible]

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા વિભાગના કોન્વોકેશન માટેના કુલ ૭૫૩૧ પદવી પ્રમાણપત્રોમાં વિદ્યાર્થીઓના ફોટોગ્રાફ ઉમેરવામાં આવેલ હોઇ તથા જુના સર્વિસટેક્ષને બદલે GST આવેલ હોઇ તે અંગેનો રૂ.૪-૯૧ પૈસા પુરાનો ભાવ વધારો મંજુર રાખી ભાવ રૂ.૩૨-૪૧ પૈસા મંજુર કરવાનું રાખવું.

૧૧) ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને ચુકવેલ ઉચ્ચતર પગાર ધોરણ અંગે થયેલ ખર્ચને યુનિવર્સિટીના હિસાબી ચોપડે લેવા અંગેની બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને ચુકવેલ ઉચ્ચતર પગાર ધોરણ અંગે થનાર ખર્ચને યુનિવર્સિટીના એકાઉન્ટમાં નવો કોડ આપીને ૧૬૭ કર્મચારીઓના પગાર ભથ્થાં અંગેનો ખર્ચ તેમાં પાડવાનું રાખવું.

૧૨) ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલ વિકાસના કાર્યોની કોન્ટ્રાકટરોના બિલોની ચુકવણી કરવા અંગે નાણાંકીય આયોજન કરવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ખાતે BC તથા EC ધ્વારા મંજુર કરવામાં આવેલ વિકાસ કાર્યોના કોન્ટ્રાકટરોના બિલોની ચુકવણી કરવા માટે સપ્ટેમ્બર, ઓકટોબર-૨૦૧૭માં પાકતી જનરલ ફંડની ફિક્સ્ડ ડીપોઝીટોને વટાવવાનું રાખવુ તેમ છતાં વધુ નાણાંની જરુર પડે અને વિકાસના કાર્યો નાણાંના અભાવે સ્થગિત ન રહે તે ધ્યાને લેતા જરુર પડે સમાયંતરે કે એસ સ્કુલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટની ફિક્સ્ડ ડીપોઝીટોને પણ પ્રિમેચ્યોર વટાવવાનું રાખવું. સદર કામો અંગે ફંડીગ એજન્સી તરફથી ગ્રાન્ટ ઉપલબ્ધ થાય ત્યારે ફરી ચડત વ્યાજ સાથે ફિક્સ્ડ ડીપોઝીટો મુકવાનું રાખવું.

૧૩) ગુજરાત યુનિવર્સિટીમાં શીવ સિકયુરીટીને સોપેલ સિકયુરીટી કોન્ટ્રાકટના બીલોમાં જુલાઇ-૨૦૧૭થી અગાઉ મુજબના સર્વિસ ટેક્ષને બદલે જીએસટીનો સમાવેશ કરીને કાર્યવાહી કરવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે ગુજરાત યુનિવર્સિટીના શિવ સિકયુરીટીના કોન્ટ્રાકટના બીલોમાં જુલાઇ-૨૦૧૭થી સર્વિસ ટેક્ષને બદલે GSTનો સમાવેશ કરીને કાર્યવાહી કરવાનું રાખવું.

૧૪) તા.૧૬-૬-૧૭ના રોજની ફાયનાન્સ સમિતિના ઠરાવ ક્રમાંક-૯ અન્વયે સ્વીફ્ટ ડીઝાયર તથા અર્ટીગો ખરીદવા અંગેના મારુતિના ઓથોરાઇઝ ડીલરો પાસેથી પત્ર તથા ઓનલાઇન કોટેશન મંગાવેલ. આ અંગે ચર્ચા કરી યોગ્ય નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ માટે નિયત મોડલની ખરીદી કરવા ઇટેન્ડર/GEM મારફત કાર્યવાહી કરવાનું રાખવું. ટેન્ડરમાં Govt. પાસીંગ સાથેના ભાવો મંગાવવાનું રાખવું.

૧૫) ફાયનાન્સ સમિતિ તા.૧૬-૬-૧૭ બાબત ક્રમાંક-૩માં કરેલ ઠરાવ મુજબ ગુજરાત યુનિવર્સિટીના સ્પોટર્સ વિભાગ માટે RUSAની ગ્રાન્ટમાંથી ઇકવીપમેન્ટ અંગેની ખરીદી કરવા અંગે આવેલ આઇટમ વાઇઝ ભાવોમાંથી L-૧ વેપારીઓ પાસેથી ખરીદી કરવા અંગેના સંદર્ભમાં કવોન્ટીટીમાં (Quantity)માં કરેલ ફેરફર અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે તા.૧૬-૬-૧૭ના રોજની ફાયનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૩માં કરેલ ઠરાવ મુજબ RUSAની ગ્રાન્ટની મર્યાદામાં રહીને કવોન્ટીટીમાં કરેલ વધારો મંજુર કરવાનું રાખવું.

૧૬) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના ડાયરેકટરશ્રી તરફથી રજૂ થયેલ બાબત ક્રમાંક-૧ થી ૧૨ અંગે યોગ્ય નિર્ણય થવા બાબત.

૧૬/૧) IT Cellની તા.૩૦-૫-૧૭ના રોજની ભલામણ મુજબ રુસા કોપોનન્ટ-૩ અંતર્ગત યુનિવર્સિટીના ૨૦ એકેડેમિક વિભાગો માટે Integrated Community Computer System ખરીદ કરવા અંગેની બાબત પર વિચારણા કરવા અંગે "

અગાઉ ૧૫ (પંદર) વિભાગો માટે રૂ.૧૭,૪૪,૩૧૩/- (રુપિયા સતર લાખ ચુમાંલીસ હજાર ત્રણસો તેર પુરા) ટેક્ષ સહીતની રકમના કોમ્યુનીટી કોમ્પ્યુટર ખરીદ થયેલ છે.

આથી ઉપરોકત ખરીદી GIL મારફતે ટેન્ડર કરી કરવાનું રાખવું.

૧૬/૨) તા.૨૦-૫-૧૭ની IT Cellની ભલામણ મુજબ ચિરાગ બ્રાન્ડના કોમ્પ્યુટરનાં સપ્લાયર M/s.R P Infosystems પાસેથી ખરીદવામાં આવેલ કોમ્પ્યુટરની વોરંટી પિરીયડ દરમ્યાન તેઓની સર્વિસ સંતોષકારક નહી મળેલ હોવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે M/s.R P Infosystems કંપનીને તેમની સર્વિસ સંતોષકારક નહી મળવા બાબતે નોટીસ પાઠવીને કાર્યવાહી કરવાનું રાખવું.

૧૬/3) તા.૨૦-૫-૧૭ની IT Cellની ભલામણ મુજબ યુનિ.કાર્યાલય તથા વિવિધ ભવનો ખાતે કોમ્પ્યુટર સર્વર, ડેસ્કટોપ કોમ્પ્યુટર, પ્રિન્ટર માટેનો વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રાકટ તા.૩૧, જુલાઇ, ૨૦૧૭ના રોજ પૂર્ણ થયેલ હોવાથી આ કોન્ટ્રાકટ માટે ટેન્ડરીંગ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદર કામગીરી માટે Off line ટેન્ડર કરવાનું રાખવું

૧૬/૪) તા.૨૦-૪-૧૭ની IT Cellની ભલામણ મુજબ યુનિ.કાર્યાલય તથા વિવિધ ભવનો માટે RUSA તેમજ યુજીસી ગ્રાન્ટમાંથી હાલમાં ખરીદેલ કુલ ૨૦૦ નંગ કોમ્પ્યુટરના ઇસ્પેકશન કરાવવા માટે સમિતિની રચના કરવા અંગેની બાબત પર વિચારણા કરવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સમિતિની રચના કરવા અંગેની સતા મા.કુલપતિશ્રીને આપવાનું રાખવું.

૧૬/૫) તા.૨૦-૪-૧૭ની IT Cellની ભલામણ મુજબ યુનિ.કાર્યાલય તથા વિવિધ ભવનો તથા કેમ્પસમાં હાલમાં લાગી રહેલા CCTV ના ઇન્સ્પેક્શન કરાવવા માટે યુનિવર્સિટીના સક્ષમ સતા મંડળ ધ્વારા નક્કી કરવામાં આવે તેવી સમિતિની રચના કરવા અંગેની બાબત પર વિચારણા કરવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિની રચના કરવા અંગેની સતા મા.કુલપતિશ્રીને આપવાનું રાખવું.

૧૬/૬) યુનિવર્સિટીના નવા બની રહેલા અને મોડીફિકેશન થયેલ વિવિધ ભવનોમાં નેટવર્કીંગ જરુરી હોઇ બજેટ ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે બજેટ ફાળવવાનું મંજુર કરવું.

૧૬/૭) ગુજરાત યુનિવર્સિટીની પ્રવૃતિઓ તેમજ અભ્યાસક્રમોનો ડીઝીટલ ઇન્ડીયાના અભિગમ સંદર્ભે સોશ્યલ મિડીયા ધ્વારા સમાજના બહોળા વર્ગને જાણકારી મળે તે હેતુથી ગુજરાત યુનિવર્સિટીમાં સોશ્યલ નેટવર્કીંગ વિકસાવવા થનાર અંદાજીત રૂ.૪,૦૦,૦૦૦/- ફાળવવાની બાબત પર ચર્ચા કરવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે થનાર ખર્ચ માટે રૂ. ૪,૦૦,૦૦૦/- ફાળવવાનું રાખવું.

૧૬/૮) રુસાના કોમન કોમપોનન્ટ-૩ કોમ્પ્યુટર (૩૫ એકેડેમિક વિભાગો માટે)ની રૂ.૧-૭૫ કરોડની ગ્રાન્ટ અંતર્ગત જરુરી ઇલેક્ટ્રોનિક હાર્ડવેર ખરીદવાની કામગીરી અંગે જે તા.૧૦-૨-૧૭ની ફાયનાન્સ સમિતિ તેમજ ૧૬-૨-૧૭ની ઇસીની મંજુરી મુજબની કાર્યવાહી કરવા ૬-૨-૧૭ની ITCELLની મીટીંગમાં જણાવ્યા અનુસાર તા.૫-૭-૧૭ના રોજ GEM ધ્વારા કરેલ ભલામણ મુજબ સૌથી ઓછો ભાવ ધરાવતા (L-૧) વેપારી પાસેથી સાધનોની ખરીદીની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે સૌથી ઓછો ભાવ ધરાવતા (L-૧) વેપારી Trey Techqua Solutions Pvt. Ltd. પાસેથી સાધનોની ખરીદી વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ કરવાનુ રાખવું અને જે અંગે થનાર રૂ.૩૩,૦૧,૭૨૫/- પુરાનો ખર્ચ મંજુર કરવો.

૧૬/૯) સ્માર્ટ ક્લાસરુમ માટે HD Multimedia Projector માટે GEM portal પર Online ટેન્ડર (biding)મા ફાયનાન્સીયલ બીડ ઓપન કરતા મળેલ ભાવના તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી (L-૧) પાસેથી ખરીદવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે સૌથી ઓછો ભાવ ધરાવતા (L-૧) વેપારી Trey Techqua Solutions Pvt. Ltd. પાસેથી

સાધનોની ખરીદી વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ (L-૧)ના ભાવે કુલ ૩૫ નંગ ખરીદવાનું રાખવું અને જે અંગે થનાર રૂ.૩૮,૧૫,૦૦૦/- પુરાનો (તમામ કરવેરા સાથે) ખર્ચ મંજુર કરવો.

૧૬/૧૦) ઉપરોક્ત બાબત ક્રમાંક-૨ અને ૩ના અનુસંધાને સ્માર્ટ ક્લાસરુમ (૩૫ એકેડેમિક વિભાગો) માટે પાંચમી આઇટમDigital Podium માટે GEM portal પર Online ટેન્ડર (biding)મા વારંવાર મુશ્કેલી આવતી હોઇ IT Cellની ભલામણ મુજબ તેમજ મા.કુલપતિશ્રીની મંજુરી લઇને Online ટેન્ડર n-Procure ધ્વારા કરેલ છે જેનો અંદાજીત ખર્ચ રૂ.૬૦,૦૦,૦૦૦/- (સાઇઠ લાખ) જે બાબત ઉપર વિચારણા કરવા અંગે"

આથી એકિઝયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે યુનિ.ના ધારાધોરણો અને નિયમો મુજબની કાર્યવાહી કરીને જરુરી સતામંડળોની મંજુરી લીધા બાદ જ કાર્યવાહી કરવાનું રાખવું.

૧૬/૧૧) રુસાના કોમન કોમપોનન્ટ-૩ Infrastucture Grant of the University અંતર્ગત કોમ્પ્યુટર સેન્ટરને રુપિયા એક કરોડ ફાળવેલ છે તે અંતર્ગત રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં સરવર તેમજ સ્ટોરેજ માટે

આથી એકિઝયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે યુનિ.ના ધારાધોરણો અને નિયમો મુજબની કાર્યવાહી કરીને જરુરી સતામંડળોના મંજુરી લીધા બાદ જ કાર્યવાહી કરવાનું રાખવું.

૧૬/૧૨) યુજીસી બારમા પ્લાન અંતર્ગત યુનિ.ના વહીવટી વિભાગો માટે ૧૨૦ નંગ ૧૫ Desktop કોમ્પ્યુટરની ખરીદી માટે IT Cellની ભલામણ મુજબ GIL ધ્વારા કરેલ ટેન્ડરની પ્રક્રિયા મુજબ ખરીદવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી એકિઝયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ ૧૨૦ નંગ ૧૫ Desktop કોમ્પ્યુટર એક નંગ દીઠ રૂ.૪૨૪૯૯/-ના ભાવ મુજબ ખરીદવાનું રાખવુ અને જે માટે થનાર કુલ રૂ.૫૦૯૯૮૮૦/-+ ૧૮ ટકા GST રૂ.૯૧૭૯૭૮/- લેખે થનાર કુલ રૂ.૬૦૧૭૮૫૮/- + GILનો ૩ ટકા ચાર્જનો ખર્ચ મજુર કરવાનું રાખવું.

૧૭) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ધ્વારા GSFSમાં પાર્ક થયેલ યુનિવર્સિટી ફંડના વ્યાજની માંગણી થયા અંગે ચર્ચા થવા બાબત. IT Cellની ભલામણ મુજબ તેમજ મા.કુલપતિશ્રીની મંજુરી લઇને Online ટેન્ડર n-Procure ધ્વારા કરેલ છે જેનો અંદાજીત ખર્ચ રૂ.૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ) જે બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે સરકારશ્રીને યુનિવર્સિટી ફંડ તથા સરકારશ્રની ગ્રાન્ટની જે રકમ GSFSમાં પાર્ક કરવામાં આવેલ છે તેની વિગતો દર્શાવતો પત્ર પાઠવી વ્યાજની ફેર આકારણી દર્શાવવાનું રાખવું.

૧૮) ૧) ગુજરાત યુનિવર્સિટીના જીએસટી નંબર મેળવવા તથા રીર્ટનો ફાઇલ કરવા અંગેની કામગીરી ધ્વનિષ શાહ એન્ડ એસોસીએટ (સીએ)ને સોપવા માટેનો થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કર્યાના.

કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત કાર્યની નોંધ લેવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા.કુલસચિવ

463-50-12-2017

ઈ.સ.ના- ૨૫.૨.૨૦૧૮

ગુજરાત યુનિવર્સિટી

૬૧૪૦૫
નં.એકા/સ્ટોર્સ/ /૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૨૦/૧૧/૨૦૧૭
18-12-17

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૦-૧૧-૧૭ને શુક્રવારના રોજ ૦૯-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૫/૦૯/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૫/૦૯/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી

૨) પરીક્ષા વિભાગની બારકોડ બેઝડ એકઝામિનેશનની કામગીરી માટે ઇ-ટેન્ડર મારફતે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારીને કામગીરી સોપવાની બાબતે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ટેન્ડરની શરતો મુજબ નવેમ્બર-૨૦૧૭થી પરીક્ષા બે પાર્ટી નામે કિશ્ના સોફટટેકને રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ખાતે ઉપલબ્ધ રેકર્ડ માટે મે.Meta-i ટેકનોલોજીને L-૧ના ભાવથી સંમતિપત્ર મેળવી તેમના ધ્વારા થયેલ પ્રિ.એકઝામ કામગીરી માટેની બારકોડ પરીક્ષા સોપવા તથા આગામી સંપૂર્ણ પરીક્ષા L-૧ ઇજારદારને સોપવા નકકી કરવામાં આવેલ. વધુમાં યુનિવર્સિટીને જરુર જણાયતો L-૨ પાર્ટી સંમત થાય તો સરકારશ્રીના નિયમ અનુસાર તેઓને જરુરી કારણો નોંધીને L-૧ના ભાવથી કુલ કામગીરીના મહતમ ૩૩ ટકા કામગીરી સોપવાનુ રાખવું.

૩) પરીક્ષા વિભાગ ધ્વારા કરવામાં આવેલ ડીગ્રી સર્ટીફિકેટ માટેના ઇ-ટેન્ડર મારફતે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારીને કામગીરી સોપવાની બાબતે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા વિભાગ ધ્વારા કરવામાં આવેલ ડીગ્રી સર્ટીફિકેટ માટેના ઇ-ટેન્ડર મારફતે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારી Holostik India Ltd. Noidaને ઉપરોકત કામગીરી રૂ.૧૯,૫૩,૦૦૦/-ના અર્થે ટેન્ડરની શરતો મુજબ સોપવાનું રાખવું.

૪) યુનિવર્સિટી માટે ટેક્ષી સેવાઓ ભાડેથી પુરી પાડવા માટેના ઇ-ટેન્ડર મારફતે આવેલ ટેન્ડરોના ટેકનીકલ ઇવેલ્યુએશન રીપોર્ટ અંગે ચર્ચા કરી કોમર્શીયલ બીડ ખોલવા બાબત.

સદર બાબતે જરુરી કાર્યવાહી કરી આગામી ફાયનાન્સ સમિતિમાં ચર્ચા કરવાનું રાખવું.

૫) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોના વપરાશ માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટેની વાર્ષિક સ્ટેશનરી ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી મંગાવેલ અને આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવાવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોના વપરાશ માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટેની વાર્ષિક સ્ટેશનરી ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી મંગાવેલ અને આવેલ ટેન્ડરો પૈકી સૌથી વધુ વસ્તુઓ માટે સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી L-૧ મે.સોનલ સ્ટેશનર્સ પાસેથી ઉપરોક્ત સ્ટેશનરી ટેન્ડરની શરતો મુજબ ખરીદવાનું રાખવુ. અને અન્ય વસ્તુઓ જેમા ઉપરોક્ત વેપારી L-૧ આવતો નથી તે વસ્તુઓ L-૧ના ભાવથી પુરી પાડવાની લેખિત સંમતિ મળેથી તમામ વસ્તુઓ માટે મે.સોનલ સ્ટેસનર્સને કામગીરી સોપવાનું રાખવું અને સંબધિત વિભાગોને આ અંગેનો પરીપત્ર કરવો.

૬) તા.૧/૭/૨૦૧૭ બાબત ક્રમાંક-૧૬ અને તા.૧૬/૭/૨૦૧૭ બાબત ક્રમાંક-૯ તથા તા.૫/૯/૨૦૧૭ બાબત ક્રમાંક-૧૪ની ફાયનાન્સ સમિતિના અનુસંધાને યુનિવર્સિટી ખાતે સ્વીફ્ટ ડીઝાયર ન્યુ (VDI) તથા અર્ટીગો (VDI) ખરીદ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ધ્વારા મારુતિ સુઝુકી કંપનીની સ્વીફ્ટ ડીઝાયર ન્યુ (VDI) તથા અર્ટીગો (VDI) ગાડી ખરીદવા માટે

૧) GEM Portalમાં ચકાસણી કરેલ જેમાં નિયત મોડલ ઉપલબ્ધ ન હતું. ઓનલાઇન ટેન્ડરમાં એક જ પાર્ટીએ ભાવ ભરેલ. જે ટેન્ડરની શરત ક્રમાંક-૧૩(૧) પરીપૂર્ણ ન કરતા ગેરલાયક ઠરેલ આથી જાહેરનામા મારફત આવેલ એક ભાવપત્રક ખોલી તેનું ખુલ્લા ભાવપત્રકો સાથે તુલના કરતા કુલ રૂ.૧૦૩૦૬/- મારકેટ પ્રાઇઝ કરતા ઓછા આવેલ હોઇ મે.અતુલ મોટર્સ પ્રા.લિ.ને રૂ.૧૮,૨૭,૦૦૦/- માં Govt. પાસેથી પાર્સીંગ મેળવી આપવાની શરત સાથે સદર ખરીદી કરવાનું રાખવું તથા અતુલ મોટર્સ તરફથી બે એસ્ટીમ તથા એક જેટા માટેની આવેલ Bay Backની ઓફર સ્વીકારવાનું રાખવું.

૭) ફી રીવ્યુ કમીટીના ગુજરાત હાઇકોર્ટના કેસ SCA/૧૩૦૦૧/૨૦૧૬, PLA/૧૩૪૩/૨૦૧૭ માટે ગુજરાત યુનિવર્સિટી ધ્વારા નિમણુંક કરવામાં આવેલ એડવોકેટ જનરલશ્રી કમલ બી ત્રિવેદીની ફી તથા કો.એડવોકેટ સંગીતા વિશેનની ફી ચુકવવાની બાબતે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે અગાઉની તા.૫/૯/૨૦૧૭ની ફાયનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૫માં મંજુર થયેલ ઠરાવ મુજબ કાર્યવાહી કરવાનું રાખવું.

૮) પરીક્ષાની ગોપનીય કામગીરી કરનાર ઇજારદાર ધ્વારા GSTની માંગણી અંગે યોગ્ય નિર્ણય થવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાની ગોપનીય કામગીરી કરનાર ઇજારદાર ધ્વારા GSTની માંગણી અંગે પાર્ટીને તેમણે અગાઉ આપેલ બીલોની તારીખની અંદર દર્શીત થતી અસમાનતા અંગે નોટીસ આપી ખુલાસો મેળવવા અંગેની કાર્યવાહી કરવાનું રાખવું

૯) કુલપતિશ્રીનું મંજુર કરેલ કાર્ય જાણ સારું.

૧) GUSEC માટે ગુજરાત નોલેજ સોસાયટી (Govt. of Gujarat) તરફથી SSIP માટે રૂ.૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ)ની ગ્રાન્ટ આવેલ છે જે GUSECના ખાતામાં ટ્રાન્સફર કર્યા અંગે.

પ્રમુખશ્રીની પરવાનગીથી રજુ થયેલ બાબત

૧) પરીક્ષા વિભાગમાં રહેલ ઝેરોક્ષ કોપીયર મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટ રીન્યુ કરવાની બાબતે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા વિભાગમાં રહેલ ઝેરોક્ષ કોપીયર મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટ અગાઉની કંપની રીકો ઇન્ડીયા પ્રા.લિ. પાસે તા.૬/૮/૨૦૧૭થી તા.૫/૮/૨૦૧૮ સુધી અગાઉના વર્ષના સર્વિસ કોન્ટ્રાકટ મુજબના પ્રતિ કોપી ૩૦-૪૪ પૈસા ( + ટેક્ષ)ના ભાવે તેમજ સર્વિસ એગ્રીમેન્ટ મુજબ એક વર્ષ માટે રીન્યુ કરવાનું રાખવું.

૨) શ્રી એચ કે આર્ટસ કોલેજના તા.૭/૧૧/૧૭ના બી.એ.સેમ-૫ની પરીક્ષા લેઇટફી રૂ.૪૨,૯૦૦/- માફી અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એચ કે આર્ટસ કોલેજના તા.૭/૧૧/૧૭ના બી.એ.સેમ-૫ની પરીક્ષા લેઇટફી માફી અંગેના પત્રમાં જણાવ્યા મુજબ લેઇટ ફી માફ કરવાનું રાખવું અને લીધેલ લેઇટ ફી રૂ.૪૨,૯૦૦/- તેઓને રીફંડ આપવા અંગેની કાર્યવાહી કરવી.

૩) ગુજરાત યુનિવર્સિટીના વિવિધ એકેડેમિક વિભાગો માટે તા.૫-૯-૧૭ના રોજની ફાયનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૧૬(૧૦)માં થયેલ ઠરાવ મુજબ Digital Podiumની ખરીદી માટે n-procure દ્વારા ઓનલાઇન ટેન્ડરીંગ પ્રક્રિયા કરી ઓનલાઇન ફાયનાશીયલ બીડ ઓપન કરેલ જે અંગે નિર્ણય કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવેલ તુલનાત્મક તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી L-૧ Exileo Technology Inc પાસેથી ટેન્ડરની શરતો મુજબ Digital Podium ખરીદવાનું રાખવુ અને તે માટે થનાર કુલ રૂ.૫૭,૬૬,૨૫૦/- (સતાવન લાખ છાસઠ હજાર બસો પચાસ) (તમામ વેરા સહીત) પુરાનો ખર્ચ મંજુર કરવાનું રાખવું જે ખર્ચ રુસા અંતરર્ગત આવેલ ગ્રાન્ટમાંથી પાડવાનું રાખવું.

૪) ગુજરાત યુનિવર્સિટીના લાઇફ સાયન્સ વિભાગમાં Video Surveillance Systemને Installed કરવા અંગે રજુ થયેલ બીલ GST સાથેનું હોય યોગ્ય વિચારણા કરી GST ચુકવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લાઇફ સાયન્સ વિભાગમાં M/s.Suchan System દ્વારા ઇન્સ્ટોલ કરવામાં આવેલ Video Surveillance Systemના તેમના તા.૧૭-૮-૧૭ના બીલનં-૫૫ અંગે ચુકવવાનો થતો GST રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અધ્યક્ષની ભલામણ ધ્યાને લેતા મંજુર કરવાનું રાખવું.

૫) યુનિવર્સિટી ખાતે CCTV સર્વિલીયન્સ માટે GST ચુકવવા અંગે નિર્ણય કરવા બાબત.

આથી ECને ભલામણ કરવામાં આવે છે કે સરકારશ્રી ધ્વારા VAT તથા Service Tax મર્જ કરી GST લાગુ કરેલ હોઇ CCTV માટેના ૩૦-૬-૧૭ના બીલો માટે GST મંજુર કરવાનું રાખવું.

૬) તા.૨૦-૫-૧૭ની IT Cellની ભલામણ મુજબ યુનિ.કાર્યાલય તથા વિવિધ ભવનો ખાતે કોમ્પ્યુટર સર્વર, ડેસ્કટોપ, કોમ્પ્યુટર, પ્રિન્ટર માટેનો વાર્ષિક મેઇટનેન્સ કોન્ટ્રાકટ તા.૩૧ જુલાઇ,૨૦૧૭ના રોજ પૂર્ણ થયેલ હોવાથી આ કોન્ટ્રાકટ માટે ટેન્ડરીંગ કરવાની બાબતે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત કોન્ટ્રાકટ કરવા અંગે તા.૫-૯-૧૭ના રોજની ફાયનાન્સ સમિતિની બા.ક્રમાંક-૧૬(૩)ના ઠરાવ મુજબ ઓફ લાઇન ટેન્ડર કરવાનું ઠરાવવામાં આવેલ પરંતુ હાલમાં ગુજરાત રાજયમાં વિધાનસભાની ચુંટણીની જાહેરાતના અનુસંધાને આચાર સંહીતા લાગુ પડેલ હોવાથી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર ઉપરોકત કોન્ટ્રાકટ તા.૧-૮-૧૭થી જયાં સુધી નવો કોન્ટ્રાકટ ન થાય ત્યાં સુધી ગત વર્ષની કંપની સાથે ગત વર્ષના ભાવે અને તે જ શરતોને આધીન કરવાનું રાખવું.

૭) ગુજરાત યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ માટે UGC ૧૨th પ્લાન અંતર્ગત ૩૦ નંગ લેપટોપ આપવા માટે GEM પરથી મંગાવેલ ટેન્ડરો પૈકી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા તૈયાર કરેલ તુલનાત્મક તારણ ઉપરથી ખરીદવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ માટે UGC ૧૨th પ્લાન અંતર્ગત ૩૦ નંગ લેપટોપ આપવા માટે GEM પરથી મંગાવેલ ટેન્ડરો પૈકી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી L-૧ M/s Data Tech Computers Pvt Ltd પાસેથી ટેન્ડરની શરતો મુજબ યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો મુજબ ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદામાં ખરીદવાનું રાખવું અને તે માટે થનાર કુલ રૂ.૧૮,૯૯,૮૪૦/- (GST સહીત) પુરાનો ખર્ચ મંજુર કરવો. જે ખર્ચ UGC ૧૨th પ્લાન અંતર્ગત ગ્રાન્ટમાંથી પાડવાનો રાખવો.

૮) ગુજરાત યુનિવર્સિટીના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓના પરીક્ષાઓની તાકીદની ખાનગી અને અગત્યની કામગીરી માટે ચુકવવામાં આવતા પુરસ્કારની રકમમાં પ્રવર્તમાન દરોમાં પચાસ ટકા સુધીનો વધારો આપવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે પરીક્ષાની અગત્યની કામગીરી કરતા વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓને જે તા.૧૮-૮-૨૦૧૨ની ECની બાબત ક્રમાંક-૭માં મંજુર થયા મુજબ પ્રવર્તમાનમાં જે પુરસ્કારના દરો મુજબ રકમ ચુકવવામાં આવે છે તેમાં પચાસ ટકાનો વધારો કરવાનું રાખવું અને જેની જાણ આગામી એકિઝકયુટીવ કાઉન્સીલને કરવાનું રાખવું.

૯) GUAC હેઠળ મધ્યસ્થ પ્રવેશ સમિતિ હેઠળની કામગીરી અંગેના વર્ષ-૨૦૧૭-૧૮ના પુરસ્કારની રકમ માટેની દરખાસ્ત મંજુર કરવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે વર્ષ-૨૦૧૭-૧૮ના પુરસ્કાર માટે પ્રવેશ સમિતિ ધ્વારા સુચવેલ મહેનતાણાંના દરો મંજુર કરવાનું રાખવું. તથા સમિતિના કો.ઓર્ડીનેટર,કન્વીનર તથા OSDને રૂ.૬૦,૦૦૦/- (પ્રત્યેક) તથા ટેકનીકલ એડવાઇઝરને રૂ.૪૦,૦૦૦/- ચુકવવાનુ રાખવું.

૧૦) ગુજરાત સાહિત્ય ઉત્સવ-૨૦૧૮માં ભાગ લેવા અંગે મળેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત દરખાસ્તમાં ગુજરાતી ભાષ, સાહિત્ય અને ગુજરાતી કલ્ચરના પ્રસાર, પ્રચારમાં સહભાગી થવા ગુજરાત યુનિવર્સિટીને વર્કશોપ પાર્ટનર બનાવવા માટે રૂ.૪,૯૧,૦૦૦/- (ચાર લાખ એકાણું હજાર પુરા) સુધીની સ્પોનર્સશીપ મંજુર કરવાનું રાખવું.

૧૧) બોર્ડ ઓફ સ્ટડીઝની તા.૩૧-૩-૨૦૧૭ના રોજ મળેલ મેથેમેટીકસની મિટીંગમાં સુચવેલ પ્રેકટીકલના મહેનતાણાંના દરો નિયત કરવા માટેના મુદ્દાનં.૩માં કરેલ ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ECને ભલામણ કરવામાં આવે છે કે મેથેમેટીકસ વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝની મિટીંગ તા.૩૧-૩-૧૭ન રોજ જે યુનિ.કાર્યાલયમાં મળેલ તેમા મુદ્દાનં.૩માં દર્શાવેલ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ BSc/MScમાં પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાં અંગેનો પ્રસ્તાવ સ્વીકારવાનું રાખવું.

૧૨) ગુજરાત યુનિવર્સિટીનો ૬૯ના સ્થાપના દિવસમાં યુનિવર્સિટીની ગરીમાને યોગ્ય ઉજવણી કરવા જરરી રોશની, સુશોભન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને જમણવારની વ્યવસ્થા કરીને ઉજવણી કરવી અને આ વ્યવસ્થાના ભાગરુપે થનાર આનુષાંગિક ખર્ચ કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા.કુલસચિવ

503-40-02-2018 ઈ.સી.ટી.૧૫-૨-૨૦૧૮

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર્સ/૨૧૦૦/૨૦૧૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧૪/૨/૨૦૧૮

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૨-૨-૧૮ને સોમવારના રોજ ૦૪-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૧૦/૧૧/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૧૦/૧૧/૨૦૧૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી

૨) HDFC બેંક ધ્વારા બપોરના ૩-૦૦ વાગ્યા પછી NEFT ધ્વારા બલ્ક પેમેન્ટ કરવા અંગે કરેલ ઇન્કાર કરવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે આ માટે પ્રાયોગિક ધોરણે Axis Bankમાં વધારાનું સમાંતર ખાતુ ખોલાવવું અને Axis Bank મારફત RTGSના ચુકવણા કરવા અંગેની Axis Bankની કામગીરીની સમીક્ષા કરી આગામી FCમાં મુકવાનું રાખવુ. ખાતુ ખોલાવવા અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી.

૩) પરીક્ષા કંન્ટ્રોલ રુમના સેવાઓ આપતા અધ્યાપકોના મહેનતાણાંના દરો કો.ઓર્ડીનેટર સમકક્ષ કરવા અંગે આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતને પરીક્ષાને લગતી અન્ય વળતર વધારાની બાબતોની સાથે રજુ કરવાનું રાખવું.

૪) ગુજરાત યુનિવર્સિટીમાં આવેલ Stock Holdingના તા.૬-૯-૨૦૧૭ના પત્ર મુજબ ઇન્વેસ્ટમેન્ટની આવેલ પ્રપોઝલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના તા.૬-૯-૨૦૧૭ના પત્ર મુજબ યુનિવર્સિટી ધ્વારા તમામ ફંડ GSFSમાં પાર્ક કરવાનું થતુ હોઇ સ્ટોક હોલ્ડીંગ તરફથી આવેલ દરખાસ્તને દફતરે કરવાનું રાખવું.

૫) કોમ્પુટર સાયન્સ વિભાગમાં ચાલતા New M.Sc. Course માટે નવા કોમ્પ્યુટરોની ખરીદી GPU સાથે કરવા માટેની આવેલ તા.૧૪-૧૧-૨૦૧૭ની નોધ ઉપર વિચારણા કરવા બાબત.

નોધ : આ અંગે કુલ રૂ.૪૨,૪૮,૦૦૦/- પુરાનો ખર્ચ થશે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે વિભાગ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ અભ્યાસક્રમ નવી પેઢીની જરુરિયાત મુજબનો હોઇ A I (આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ) અભ્યાસક્રમ માટે આ ટેકનોલોજી જરુરી હોઇ GIL મારફતે ઇ-ટેન્ડર કરી પ્રક્રિયા કરવાનું રાખવું. આ માટે જરુરી નાણાકીય જોગવાઇ રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના બજેટમાંથી કરવી તથા પોગ્રામ શરુ થયા બાદ ક્રમશ: ખર્ચ બાદ વધેલ પોગ્રામ ફીની આવકમાંથી સદર ખર્ચ સરભર કરવાનું રાખવું.

૬) ગુજરાત યુનિવર્સિટીનું વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮નું ઇન્ટરનલ ઓડીટ કરાવવા માટે C A Firms પાસેથી નોંધણી પ્રમાણપત્રની નકલ સાથે મંગાવેલ ભાવપત્રકોનો નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે C A Firms પાસેથી મંગાવેલ કોટેશનની સાથે આવેલા નોધણી પ્રમાણપત્રો ઉપરથી દશ વર્ષથી ઓછો અનુભવ ધરાવતી C A Firmsને યુનિવર્સિટીના ઓડીટની મહત્વની કામગીરી સોપવાનું વ્યવહારુ લાગતુ ન હોઇ દશ વર્ષ કરતા વધારે અનુભવ ધરાવતી પેઢીઓ પૈકી સૌથી ઓછો ભાવ ભરનાર C A Firm મે.અમરીશ દલાલ એન્ડ કું.ની લેખિત સંમતિ મેળવીને L-૧ના ભાવથી સદર કામગીરી સોપવાનું રાખવું.

૭) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગો તથા ભવનોના વપરાશ માટેની સ્ટેશનરી ખરીદવા માટે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી મંગાવેલ અને આવેલ ભાવપત્રકોના તુલનાત્મક તારણ મુજબની સ્ટેશનરી ખરીદવા માટેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

તા.૧૦-૧૧-૧૭ના રોજની ફાયનાન્સ સમિતિના ઠરાવ ક્રમાંક-૫ અન્વયે મે.સોનલ સ્ટેનર્સ પાસેથી સંમતિ મળેલ ભાવો માન્ય ગણીને સ્ટેશનરી ખરીદી માટેનો વાર્ષિક કરાર તેમની પાસેથી કરવાનું રાખવું.

૮) એસ્ટેટ વિભાગની ટેક્ષી ટેન્ડરના શ્રી ગંગા ટ્રાવેલ્સનું સોલ્વન્સી સર્ટીફિકેટ જમા કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

ટેકસીના ટેન્ડર માટે ગંગા ટ્રાવેલ્સ તરફથી સોલવન્સી સર્ટીફિકેટ ફીઝીકલ ટેકનીકલ બીડ સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ મળેલ હોઇ તેમને ટેકનીકલી ડીસકોવલીફાઇડ ગણવાની થાય આમ ટેકનીકલ બીડમાં કવોલીફાઇડ થયેલ પાર્ટીઓના પ્રાઇઝ બીડ ખોલીને તેનું તુલનાંત્મક તારણ આગામી ફાયનાન્સ સમિતિ સમક્ષ મુકવાનું રાખવું.

૯) ગુજરાત યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ દરમ્યાન CCTV ઈન્સ્ટોલ કરવા માટે રૂ. ૩,૩૪,૯૫,૩૧૩/- નો ખર્ચ યુનિવર્સિટીના બજેટની જોગવાઈ અન્વયે કરવામાં આવેલ. સદર ખર્ચમાંથી રૂ. ૨,૦૩,૯૧,૯૬૨/- UGC ૧૨મી યોજના ખાતે તબદીલ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુજીસી ગ્રાન્ટના યોગ્ય ઉપયોગ બદલ હિસાબ શાખા તથા ગ્રાન્ટ શાખાની કામગીરીની નોધ લીધી.

૧૦) ગુજરાત યુનિવર્સિટીના વાણિજય વિધાભવનમાં ચાલતા Advance Business Studiesના HPP Self Finance Courseની તા.૧૫-૬-૧૫ને સોમવારના રોજની ફાયનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૧૫થી પેટીકેશની રકમ જે રૂ.૫૦૦૦/- મંજુર કરેલ તેને વધારીને મા.કો.ઓર્ડીનેટરશ્રીની ભલામણ મુજબ રૂ.૧૫,૦૦૦/- કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

વિભાગોની પેટીકેશ અંગેની જુની જોગવાઇ ચાલુ રાખવી.

૧૧) ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૭-૧૮ નું પુનનિર્મિત અને આગામી વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક અંદાજપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૭-૧૮ નું પુનનિર્મિત અને આગામી વર્ષ ૨૦૧૮-૧૯ ના વાર્ષિક અંદાજપત્ર વંચાણે લઇ આવક-ખર્ચની ફાળવણી તથા અંદાજીત ખાધના ઘટાડાને ધ્યાને લઇ મંજુર કરવા ભલામણ કરેલ છે. વધુમાં ખાધના મુખ્ય કારણો પૈકી પરીક્ષાની આવક અને ખર્ચની અસમાનતા અંગે જરુરી ચર્ચા કરવા માટે એકિઝયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે.

૧૨) ગુજરાત યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના RMOશ્રીની તા. ૨-૨-૧૮ ના પત્રાંક નં.૩૧ માં કરેલ ભલામણ અનુસાર હાલની પેટીકેશની રકમ રૂા. ૨૦૦૦/- થી વધારીને રૂા. ૫૦૦૦/- કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

વિભાગોની પેટીકેશ અંગેની જુની જોગવાઇ ચાલુ રાખવી.

૧૩) કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય જાણ સારું.

૧) પરીક્ષાની ગોપનીય કામગીરી કરનાર ઇજારદાર ધ્વારા જીએસટીની માંગણી અંગે ફાયનાન્સ સમિતિની તા.૧૦-૧૧-૧૭ની બાબત ક્રમાંક-૮માં થયેલ ઠરાવ મુજબ નોટીસ આપી ખુલાસો મેળવવાનું મંજુર કર્યાના.

ઉપરોકત બાબત વંચાણે લીધી.

૨) ગુજરાત યુનિવર્સિટી એડમિશન કમીટીના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ બી.કોમ, બીબીએ, બીસીએ, અમએસસી (સીએ એન્ડ આઇટી) એમબીએ અને એમ.કોમ.ની મધ્યસ્થ પ્રવેશ કામગીરીની આવકો તથા ખર્ચની મંજુરીની ચુકવણી અંગે GUACના HDFC બેંકના ખાતા નં.૫૦૧૦૦૧૬૪૦૪૨૪૫૫માંથી ચુકવવા અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોકત બાબત મંજુર કરવામાં આવી.

૩) એસ્ટેટ વિભાગ ધ્વારા યુનિ.ટીચર્સ કવાટર્સ તથા કવાટર્સ ગાર્ડનના કરેલ ખર્ચના બીલોની ચુકવણી પરત્વે વિચારણા કરવા બાબત.

ઉપરોકત બાબતને બાધકામ સમિતિ સમક્ષ ફોરવર્ડ કરવાનું રાખવું.

૪) એસ્ટેટ વિભાગ દ્વારા યુનિ. સેનેટ હોલ અને ઓપન થિયેટરના ટેકનિશીયન કમ ઓપરેટરની નિમણુંક કરવા અંગે આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

ઉપરોકત બાબત મંજુર કરવામાં આવી.

૫) ગુજરાત યુનિવર્સિટીની એપ્રિલ-મે-૨૦૧૭માં લેવાયેલ વિવિધ પરીક્ષાઓના પ્રશ્નપત્રોની છપામણીનું વેટ સાથે તા.૬-૬-૧૭ના રોજ આવેલ બીલના સંદર્ભમાં GST સાથેના તા.૬-૭-૧૭ના રોજ આપેલ બીલની બાબત અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોકત બાબત મંજુર કરવામાં આવી.

૧૪) એસ્ટેટ વિભાગ તરફથી તા.૩૧-૧-૧૮ના રોજ પત્રાંકનં.એસ્ટેટ/FC/HD/૨૦૧૮થી આવેલ બાબતોને ફાયનાન્સ સમિતિમાં મુકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત તારીખના પત્રાંકનં.એસ્ટેટ/FC/HD/૨૦૧૮થી આવેલ બાબતોને બાંધકામ સમિતિમાં મુકીને ચર્ચા કરી રજુ કરવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા.કુલસચિવ

ઈ.સી.તા-૧૩-૬-૨૦૧૮

૪૩-૩૦-૫-૨૦૧૪

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર્સ/ ૪૦૫૧૦ /૨૦૧૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૨૦/૪/૨૦૧૮
11-5-18

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૨૨-૩-૧૮ને ગુરુવારના રોજ ૦૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૧૨/૨/૨૦૧૮ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.
ફાયનાન્સ સમિતિની તા.૧૨/૨/૨૦૧૮ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી

૨) પરીક્ષા વિભાગના કોન્વોકેશન વિભાગની આવેલ તા.૧૪-૨-૧૮ની નોધમાં દર્શાવ્યા મુજબ પદવી પ્રમાણપત્રો છાપવા અંગે આવેલ HOLOSTIK કંપનીના તા.૮-૨-૧૮ના બીલની રકમ રૂ.૧,૨૦,૦૦૦/-અને રૂ.૧૪,૪૭,૨૫૭/- અનુક્રમે ચુકવવાની બાબત પર વિચારણા કરવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે પદવી પ્રમાણપત્રો છાપવા માટે આપેલ વેપારી HOLOSTIK કંપનીના માલીકને યુનિવર્સિટીના પ્રો. બી વી પટેલ સિન્ડીકેટ સભ્યશ્રી અને ફાયનાન્સ સમિતિના સભ્યશ્રી ધુમિલભાઇ પટેલ સમક્ષ રુબરુ ચર્ચા માટે બોલાવવા અને ત્યારબાદ થયેલ ઘટીત કાર્યવાહી અંગેની ભલામણોના આધારે કરવાનું રાખવું જેની જાણ આગામી ફાયનાન્સ સમિતિમાં કરવાનું રાખવું.

૩) પરીક્ષા વિભાગના તા.૧-૩-૧૮ના ટેક્ષી કોન્ટ્રાકટ અંગેના ખોલેલ કાર્મશીયલ બીડની બાબત ઉપર વિચારણા કરવા અંગે.
આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષાઓ અંગે તથા ઓબ્ઝરવર મોકલવા અંગે અને યુનિવર્સિટીના આનુષાંગિક કામ અંગે કરવામાં આવતો ટેક્ષી કોન્ટ્રાકટની બાબતમાં પરીક્ષા વિભાગની ભલામણ તથા નોધના સંદર્ભમાં પરીક્ષા કામગીરી માટેના ટેક્ષી ટેન્ડરના શરતો અને ઇ-ટેન્ડર મારફત આપેલ ભાવપત્રકો મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર ટેક્ષી કોન્ટ્રાકટરને ટેન્ડરની શરતો મુજબનો વાર્ષિક કોન્ટ્રાકટ કરવાનું રાખવું અને તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

૪) પરીક્ષા વિભાગની તા.૧૭-૧-૧૮ની નોધમાં જણાવ્યા મુજબ પ્રાયોગિક પરીક્ષાના લેબોરેટરી સ્ટાફના મહેનતાણાંની બાબત પર વિચારણા કરવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા વિભાગની તા.૧૭-૧-૧૮ની નોધમાં જણાવ્યા મુજબ પ્રાયોગિક પરીક્ષાના લેબોરેટરી સ્ટાફના મહેનતાણાંની બાબત અંગે યુનિવર્સિટીના પ્રો.બી વી

પટેલ અને પ્રો. પી એન ગજજરની સંયુકત કમીટી નિમીને તેમના આવેલ અહેવાલને આગામી ફાયનાન્સ સમિતિ સમક્ષ મુકવાનું રાખવું.

૫) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના તા.૬-૩-૧૮ના પત્રમાં અધ્યક્ષશ્રીએ કરેલ નોધના સંદર્ભમાં Biometric Devices જુદા જુદા વિભાગોમાં ઇન્સ્ટોલ કરવા અંગે આવેલ Microlink Solutionના તા.૧૬-૨-૧૬ના ઇનવોઇસ મુજબ કુલ રૂ.૩૭૨૪૦૪૦/- ચુકવવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અધ્યક્ષશ્રીને આ અંગેનો વિગતવાર પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવાનું જણાવવું અને ત્યારબાદ આગામી ફાયનાન્સ સમિતિ સમક્ષ મુકવાનું રાખવું.

૬) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના તા.૬-૬-૧૫ના પત્રમાં અધ્યક્ષશ્રીએ કરેલ રજુઆતના સંદર્ભમાં LINTEL Technologies Pvt Ltd.ની GST ચુકવવા બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અધ્યક્ષશ્રીને આ અંગેનો પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવાનું જણાવવું અને ત્યારબાદ મંજુરી મેળવેલ આગામી ફાયનાન્સ સમિતિ સમક્ષ મુકવાનું રાખવું.

૭) ગુજરાત યુનિવર્સિટીના ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા શ્રી પોપટભાઇ ભરવાડ, શ્રી સજ્જનસિંહ બિહોલા તેમજ કલ્પેશ ભટ્ટની પુરસ્કારના દરમાં વધારો કરવા અંગેની તા.૨૨-૨-૧૮ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા ઉપરોકત ત્રણ કર્મચારીઓની આવેલ તા.૨૨-૨-૧૮ની સંયુકત અરજીમાં કરેલ માંગણી મુજબ વધારાની કામગીરી કરે તેવા કિસ્સામાં ફાયનાન્સ સમિતિ તા.૧૦-૧૧-૧૭નાની બાબત ક્રમાંક-૮(ઇસી તા.૧૫-૨-૧૮)માં કરેલ ઠરાવ અનુસાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને ચુકવાતા પ્રવર્તમાન દરોના પુરસ્કારમાં કરેલ વધારા મુજબ પચાસ ટકાનો વધારો કરવાનું રાખવું.

૮) એસ્ટેટ વિભાગના તા.૧૯-૩-૧૮ના પત્રમાં જણાવ્યા અનુસાર ઉપાસના સ્કુલ ઓફ પર્ફોમીંગ આર્ટસ ધ્વારા યુનિવર્સિટી ખાતે નવનિર્માણ પામેલ એમ્ફી થિયેટરના વપરાશ અને ભાડા તેમજ બુકીંગ માટે તૈયાર કરેલ ટર્મ કન્ડીશન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપાસના સ્કુલ ઓફ પર્ફોમીંગ આર્ટસ ધ્વારા યુનિવર્સિટી ખાતે નવનિર્માણ પામેલ એમ્ફી થિયેટરના વપરાશ અને ભાડા તેમજ બુકીંગ માટે તૈયાર કરેલ વપરાશની માર્ગદર્શીકા, નિયમો, બુકીંગ વ્યવસ્થા અને

ભાડાના દરો તથા ઉપલબ્ધ સુવિધાના મેનટેન્સના માળખા અંગે તથા તેની ટર્મસ એન્ડ કન્ડીશન પ્રમાણે ઉપાસના સ્કુલે તૈયાર કરેલ માળખાને નીચે જણાવ્યા પ્રમાણેના નવા સુધારાના દરપ્રમાણે મંજુર કરવાનું રાખવુ અને તેમાંથી થતી આવક માટે આવેલ ફંડને જમા કરાવવા અલગ બેંકમાં ખાતુ ખોલાવવાનું રાખવું જેને ઓપરેટ કરવા માટે કો.ઓર્ડીનેટર, ઉપાસના તથા યુનિવર્સિટીના રજીસ્ટારશ્રીની સંયુકત સહીથી ઓપરેટ કરવાનું રાખવું.

| Facility | One Day | | | |
|---|---|---|---|---|
| | Rental Charges | Deposit | Electricity Charge | Total |
| Amphi Theatre (For Show) | Rs.12,000/- | Rs.7,500/- | Rs.5,000/- | Rs.17,000/- |
| Amphi Theatre (For Rehersal) | Rs.2,000/- Per Day till 6-00 pm | | 1000/- | |
| Amphi Theatre (For Rehersal) | Rs.2,000/- 6-00 pm to10-30 pm | | 2000/- | |

* જો બુંકીગ કેન્સલ થાય તો ડીપોઝીટના ૫૦ ટકા જમા રાખવા.

૯) વિજ્ઞાનવિધા ભવન માટે કેમિકલ્સ, પ્લાસ્ટીકવેર્સ, ગ્લાસવેર્સ, ડાયગનેસ્ટિક કીટસ વગેરે ખરીદવા માટે કરેલ માર્ચ ૨૦૧૭થી ફેબ્રુઆરી-૨૦૧૮ સુધીના વાર્ષિક રેટ કોન્ટ્રાકટને વધુ એક વર્ષ માટે લંબાવવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે સ્કુલ ઓફ સાયન્સના અધ્યક્ષશ્રીની રજુઆતોને ધ્યાને લઇ વિજ્ઞાનવિધા ભવન માટે કેમિકલ્સ, પ્લાસ્ટીકવેર્સ, ગ્લાસવેર્સ, ડાયગનેસ્ટિક કીટસ વગેરે ખરીદવા માટે કરેલ માર્ચ ૨૦૧૭થી ફેબ્રુઆરી-૨૦૧૮ સુધીના વાર્ષિક રેટ કોન્ટ્રાકટને વધુ માર્ચ-૨૦૧૯ સુધીના એક વર્ષ માટે અગાઉના વર્ષની શરતો અને ભાવપત્રકો મુજબ દર્શીત વેપારીઓ સાથે લંબાવવાનું રાખવું.

૧૦) ગુજરાત યુનિવર્સિટીમાં અગાઉના વર્ષથી ચાલુ રહેલ એકાઉન્ટની બાબતો માટે આવશ્યક એવા સોફટવેર Tallyને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાની અને તેનો આનુષાંગિક ખર્ચ મંજુર કરવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં અગાઉના વર્ષથી ચાલુ રહેલ યુનિવર્સિટીની એકાઉન્ટની બાબતો માટે આવશ્યક એવા Tallyને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવું અને તેમા થનાર આનુષાંગિક ખર્ચ રૂ.૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ પુરા) મંજુર કરવો.

૧૧) ગુજરાત યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓ તથા ખાખી (બ્રાઉન) સ્ટીકરની ખરીદી કરવા માટે ઇ-ટેન્ડરથી ઓનલાઇન મંગાવેલ અને આવેલ ભાવપત્રકો પરત્વે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓ તથા ખાખી (બ્રાઉન) સ્ટીકરની ખરીદી કરવા માટે

ઇ-ટેન્ડરથી ઓનલાઇન મંગાવેલ અને આવેલ ભાવપત્રકો ઉપરથી વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ પ્રેસ મેનેજરશ્રીએ કરેલ ભલામણના સંદર્ભમાં ટેન્ડરની શરતો અને ભાવ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારી પાસેથી ખરીદ કરવાનું રાખવું અને તે અંગે થનાર કુલ રૂ.૨,૧૨,૭૬,૦૦૦/- (રુપિયા બે કરોડ બાર લાખ છોતેર હજાર પુરા)નો ખર્ચ મંજુર કરવો.

૧૨) ગુજરાત યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓ માટેની માર્કશીટોની ખરીદી કરવા માટે ઇ-ટેન્ડરથી ઓનલાઇન મંગાવેલ અને આવેલ ભાવપત્રકો પરત્વે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓ માટે માર્કશીટોની ખરીદી કરવા માટે ઇ-ટેન્ડરથી ઓનલાઇન મંગાવેલ અને આવેલ ભાવપત્રકો ઉપરથી વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ પ્રેસ અધ્યક્ષશ્રીએ કરેલ ભલામણના સંદર્ભમાં ઇ-ટેન્ડરની શરતો અને ભાવ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર (L-૧) વેપારી હાઇટેક પ્રિન્ટ સિસ્ટમ્સ લિમીટેડ પાસેથી ખરીદ કરવાનું રાખવું અને તે અંગે થનાર કુલ રૂ.૧૫૨૦૦૦૦+ ટેક્ષ (અલગથી) (રુપિયા પંદર લાખ વીસ હજાર તથા ટેકસ અલગથી)નો ખર્ચ મંજુર કરવો.

૧૩) ગ્રાન્ટ વિભાગના તા.૧૬-૩-૧૮ના પત્રાંકનં.હિસાબ/એકા-૦૨/ગ્રાન્ટ/૩૦૦/૨૦૧૮મા જણાવ્યા મુજબ ફંડિગ એજન્સીની ભલામણ અતર્ગત હાલના તબક્કે ચાલતા તમામ પ્રોજેકટ તથા વર્ષ ૨૦૧૮-૧૯થી આવતા તમામ પ્રોજેકટમાં અલગ સેવિગ્સ એકાઉન્ટ બાબત ખોલવાની બાબત પર વિચારણા કરવા અંગે.

નોધ : સેવિગ્સ એકાઉન્ટ ખોલવા માટે એકાઉન્ટ હોલ્ડરમાં પ્રોજેકટ ઇન્વેસ્ટીગેટર, પ્રિન્સીપાલ ઇન્વેસ્ટીગેટર, કો.ઓર્ડીનેટર, પ્રોજેકટ મેન્ટર, ડીપાર્ટમેન્ટના વડા, ડાયરેકટરશ્રી તથા કુલસચિવશ્રીનો સમાવેશ કરવાની ડેવલપમેન્ટ ઓફીસરશ્રી તરફથી ભલામણ કરવામાં આવેલ છે.

આથી એકિઝકયુટવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત ગ્રાન્ટ વિભાગના પત્રાંકના સંદર્ભમાં તમામ પ્રોજેકટમાં અલગ સેવિગ્સ એકાઉન્ટ ખોલવાનું રાખવું અને તેની નોધમાં જણાવ્યા પ્રમાણે એકાઉન્ટ હોલ્ડરમાં તેઓશ્રીઓને સમાવેશ કરવો.

૧૪) હિસાબ તથા ગ્રાન્ટ વિભાગમાં ફરજ બજાવતા હંગામી કર્મચારીઓ કે જેઓ કોમ્પ્યુટર ઓપરેટર તરીકેની આનુષાંગિક કામગીરી સંભાળે છે તેઓને રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તથા મહેકમ શાખાના કોમ્પ્યુટર ઓપરેટરને ચુકવવામાં આવતા માસિક રૂ.૧૦,૦૦૦/- (દશ હજાર) વળતરની જેમ માસિક રૂ.૧૦,૦૦૦/- ચુકવવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે હિસાબ વિભાગમાં હંગામી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા કુલ ૧૮માંથી ૧૬ અને ગ્રાન્ટ શાખામાં ૨માંથી ૧ કર્મચારીને પણ ઉપરોકત વિગતે માસિક રૂ.૧૦,૦૦૦/- ચુકવવાનું રાખવું.

૧૫) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફથી આવેલ અધિકારીઓ અને અધ્યાપકો વિગરે માટે લેપટોપ ખરીદી અંગેનો ખર્ચ અગાઉ જે UGC(XII) યોજના હેઠળ મંજુર થયેલ તેને ૦૪૦૧૧૪૭ બજેટ હેડ ખાતે તબદીલ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અધિકારીઓ અને અધ્યાપકોની સાંપ્રત ICT જરુરીયાતોને ધ્યાને લઇ ઉપરોકત બાબત મંજૂર કરવાનું રાખવું અને જેની જાણ આગામી એકિઝકયુટીવ કાઉન્સીલને કરવાનું રાખવું. લેપટોપની ફાળવણીમાં યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવું.

૧૬) પરીક્ષા કન્ટ્રોલ રુમના સેવાઓ આપતા અધ્યાપકોના મહેનતાણાંના દરો કો.ઓર્ડીનેટર સમકક્ષ કરવા અંગેની આવેલ સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે પરીક્ષા કન્ટ્રોલ રુમના સેવાઓ આપતા અધ્યાપકોના મહેનતાણાંના દરો કો.ઓર્ડીનેટરની સમકક્ષ રૂ.૪૦૦/- (ચારસો) પ્રતિદિન ચુકવવાનું મંજુર કરવું અને જેની જાણ એકિઝકયુટીવ કાઉન્સીલને કરવાનું રાખવું.

૧૭) બી કે સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટમાં ચાલતા મેનેજમેન્ટ એકેડેમીના (HPP) કોર્સની વર્ષ ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ની કુલ આવકમાંથી યુનિવર્સિટીમાં ફાળવવાની થતી કુલ ૩૦ ટકા રકમ અને તેમાંથી યુનિવર્સિટીએ કરેલ કુલ ખર્ચની રકમને બાદ કરતા વધેલ રકમ તેમના ખાતામાં જમા કરાવવા માટે અને અલગ બેન્ક એકાઉન્ટ ખોલાવવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે

આથી એકઝીકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે બી કે સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટમાં ચાલતા મેનેજમેન્ટ એકેડેમીના (HPP) કોર્સની આવક અંગે સલાહકાર સમિતિની ભલામણો અનુસાર ઉપરોકત વિગતે વધેલ રકમને તેમના ખાતામાં રકમ જમા કરાવવાનું અને અલગ બેંક એકાઉન્ટ ખોલવાનું રાખવું.

૧૮) ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનના સેમિનાર હોલ અને કોમ્પ્યુટર વિભાગના સેમિનાર હોલ માટે AC ખરીદવાની બાબત પર વિચારણા કરવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે ઓર્ડીનન્સ-૬૨-D મુજબની કાર્યવાહી કરીને AC ખરીદવાનું રાખવું અને તે અંગેનો ખર્ચ મંજુર કરવો.

૧૯) કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય જાણ સારુ.

૧) એસ્ટેટ વિભાગ ધ્વારા અખિલ ગુજરાત યુનિવર્સિટી પેન્શનર સમાજ ધ્વારા તા.૭-૧-૧૮ના તેરમા વાર્ષિક અધિવેશન માટે સેનેટ હોલ ફાળવવાનું મંજૂર કર્યાના.

કુલપતિશ્રીના મંજુર કરેલ ઉપરોકત કાર્યની નોધ લેવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા.કુલસચિવ

ઇ.સી. તા: ૧૩-૯-૧૮

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર્સ/8199/૨૦૧૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૮/૫/૨૦૧૮

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૭-૦૫-૨૦૧૮ને સોમવારના રોજ ૧૦-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો.એચ.એ.પંડયાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રો.એચ.એ.પંડયાસાહેબ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા૨૨/૩/૨૦૧૮ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.
ફાયનાન્સ સમિતિની તા.૨૨/૩/૨૦૧૮ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી

૨) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફથી આવેલ ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમા Biometric devices ને ઇન્સ્ટોલેશન કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે
આ અંગે કુલ ખર્ચ રૂ.૩૭૨૪૦૪૦-૦૦ (ટેક્ષ સહીત) થશે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે મા.અધ્યક્ષશ્રી તરફથી આ અંગે રીપોર્ટ મેળવ્યા બાદ આનુષાંગિક પ્રક્રિયા પૂર્ણ કરી આગામી ફાયનાન્સ સમિતિમાં મુકવાનુ રાખવુ.

3) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને પ્રિન્ટીંગ એન્ડ સપ્લાય ઓફ ધ એકઝામ સ્ટેશનરી ખરીદવા માટેના ઇ-ટેન્ડર ધ્વારા મંગાવેલ ભાવપત્રકોના ફાયનાન્સીશયલ બીડ ખુલ્યા અંગે વિચારણા કરી મંજુર કરવા બાબત.
આ અંગે કુલ ખર્ચ રૂ.૧૫૨૦૦૦૦-૦૦ (ટેક્ષ અલગ) થશે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે સદર કામ માટે આવેલ L-૧ વેપારી હાઇ-ટેક પ્રિન્ટ સિસ્ટમ લિ.ને સપ્લાય ઓફ એકઝામ સ્ટેશનરીનું કામ કુલ રૂ.૧૫,૨૦,૦૦૦-૦૦ (ટેક્ષ અલગ) મંજુર કરવાનું રાખવુ.

૪) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને ફાયનાન્સ સમિતિની તા.૨૨-૩-૧૮ની બાબત ક્રમાંક-૧૫ના ઠરાવ મુજબ યુજીસી બારમા પ્લાનની ગ્રાન્ટ પૂર્ણ થઇ ગયેલ હોઇ વિભાગના તા.૨૬-૩-૧૮ના પત્રમાં જણાવ્યા મુજબ ખર્ચ રૂ.૧૮,૯૯,૮૪૦/-માંથી રૂ.૧૬,૪૭,૦૧૧/-નો ખર્ચ યુનિવર્સિટી બજેટકોડ ૦૪૦૧૧૪૭ ખાતે કરીને બાકી રહેલ રકમ રૂ.૨,૫૨,૮૨૯/- યુનિવર્સિટીના કયા બજેટ હેડ ખાતે પાડવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

126-30-66-2018

આથી ECને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે થયેલ કુલ ખર્ચ રૂ.૧૮,૯૯,૮૪૦/-માંથી કુલ રૂ.૧૬,૪૭,૦૧૧/- પુરાનો ખર્ચ બજેટ કોડ નંબર ૦૪૦૧૧૪૭ ખાતે પાડવાનું રાખવું અને બાકી રહેલ ખર્ચ રૂ.૨,૫૨,૮૨૯/- પુરા ડીઝીટલાઇજેશન ખર્ચમાંથી પાડવાનું રાખવું.

૫) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે Database Migration ની ખરીદી માટે આવેલા કોટેશનોનો નિકાલ કરવા બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે Database Migration ની ખરીદી માટે આવેલા કોટેશનોનો L-૧ તથા L-૨ના ભાવો વચ્ચેના તફાવતની રકમ વાસ્તવિક રીતે અસામાન્ય અને ઘણી જ વધારે હોવાથી આ બાબત અંગે ફરીથી પુનઃ ઓફલાઇનથી ક્વોટેશનો મંગાવીને આનુષાંગિક પ્રક્રિયા કરવાનું રાખવું.

૬) કોમ્પ્યુટર સાયન્સ વિભાગને M.Tech. (WT), M.Tech. (NT) ની પ્રવેશ પરીક્ષા અંગેની વર્તમાનપત્રમાં આપેલ જાહેરાત અંગે થયેલ કુલ રૂ.૭૩,૫૧૨/-નો ખર્ચ મંજુર કરવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સ વિભાગને M.Tech. (WT) M.Tech. (NT) ની પ્રવેશ પરીક્ષા અંગેની વર્તમાનપત્રમાં આપેલ જાહેરાત અંગે થયેલ કુલ રૂ.૭૩,૫૧૨/-નો ખર્ચ વિભાગના HPP ફંડમાથી કરવાનું રાખવું.

૭) યુનિવર્સિટી પદવી પ્રમાણપત્ર મુદ્રણ અંગેના બીલની ચુકવણીના અનુસંધાને ફાયનાન્સ કમીટીની તા.૨૨-૩-૧૮ના રોજની બાબત ક્રમાંક-૨ના અનુસંધાને રચવામાં આવેલ તા.૧૦-૪-૧૮ના રોજની સમિતિની મિનીટસ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પદવી પ્રમાણપત્ર મુદ્રણ અંગેના હાલોસ્ટિક ઇન્ડિયા લી. બીલની ચુકવણીના અનુસંધાને ફાયનાન્સ કમીટીની તા.૨૨-૩-૧૮ના રોજની બાબત ક્રમાંક-૨ના અનુસંધાને રચવામાં આવેલ સમિતિની કાર્ય નોધ ધ્યાને લેતા વર્કઆર્ડરની કિમંતમાં ૧-૫૦ પૈસાનો ઘટાડો તથા વધારાના ઉમેરાયેલા સિકયુરીટી ફીચર્સ માન્ય કરી બીલની ચુકવણી કરવાનું રાખવું.

૮) ડીપાર્ટમેન્ટ ઓફ એનિમેશન, આઇટી-આઇએમએસ એન્ડ મોબાઇલ કોમ્પ્યુટીંગમાં નવી લેબ સેટ અપ કરવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણ મુજબની આનુષાંગિક પ્રક્રિયા મંજુરી લઇને કરી આગામી ફાયનાન્સ સમિતિ સમક્ષ મુકવાનું રાખવું.

૯) એસ્ટેટ વિભાગની ગુજરાત યુનિવર્સિટીના ટાવરની મેઇન બિલ્ડીંગમાં મા.કુલપતિશ્રીના કાર્યાલય અને વીસી લોબીમાં Data Activ Network Extenstion ફિટીંગ કરવા માટે એજન્સીઓ પાસેથી મંગાવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા અંગે.

આ અંગે કુલ ખર્ચ રૂ.૨૬૮૩૨૦-૦૦ (+GST) થશે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે IT Committee તરફથી સંતોષકારક કામગીરી અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ચુકવણું કરવાનુ રાખવું.

૧૦) એસ્ટેટ વિભાગની ગુજરાત યુનિવર્સિટીના ટાવરની મેઇન બિલ્ડીંગમાં મા.કુલપતિશ્રીના કાર્યાલય અને વીસી લોબીમાં Data and Wi Fi Passive Network Extenstion Bill of Material ફિટીંગ કરવા માટે આ કામ કરતી એજન્સીઓ પાસેથી મંગાવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા અંગે.

આ અંગે કુલ ખર્ચ રૂ.૩૧૭૩૬૮-૦૦ (+GST) થશે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે IT Committeeના સંતોષકારક કામગીરી અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ચુકવણું કરવાનું રાખવું.

૧૧) એસ્ટેટ વિભાગની ગુજરાત યુનિવર્સિટીના ટાવરની મેઇન બિલ્ડીંગમાં મા.કુલપતિશ્રીના કાર્યાલય અને વીસી લોબીમાં Wi Fi Network Bill of Material ફિટીંગ કરવા માટે આ કામ કરતી એજન્સીઓ પાસેથી મંગાવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા અંગે.

આ અંગે કુલ ખર્ચ રૂ.૩૩૨૯૫૦-૦૦ (+GST) થશે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે IT Committeeના સંતોષકારક કામગીરી અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ચુકવણું કરવાનું રાખવું.

૧૨) એસ્ટેટ વિભાગની ગુજરાત યુનિવર્સિટીના ટાવરની મેઇન બિલ્ડીંગમાં મા.કુલપતિશ્રીના કાર્યાલય અને વીસી લોબીમાં Voice Passive Network Bill of Material ફિટીંગ કરવા માટે આ કામ કરતી એજન્સીઓ પાસેથી મંગાવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા અંગે.

આ અંગે કુલ ખર્ચ રૂ.૯૧૮૧૪-૦૦ (+GST) થશે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે IT Committeeના સંતોષકારક કામગીરી અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ચુકવણું કરવાનું રાખવું.

૧૩) શેઠ ટી સી કાપડીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના તા.૧૧-૪-૧૮ના પત્રાંકમાં જણાવ્યા મુજબ તેમની કોલેજના બી.કોમ સેમ-૩ના ૪૭ વિદ્યાર્થીઓના પરીક્ષાના ફોર્મ કલાર્કની ભુલથી ફાઇલમાં રહી ગયેલ હોવાથી ભરાઇ શકયા ન હતાં તે માટે થયેલ રૂ.૯૪,૦૦૦/-ના દંડની રકમ માફ કરવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે થયેલ રૂ.૯૪,૦૦૦/-ના દંડની રકમ માફ કરવાનું રાખવું અને પુન: ફરીથી આવી ગંભીર પ્રકારની ભુલ ન થાય તેની તકેદારી રાખવાની કડક સુચના આપવી.

૧૪) RUSAની ગ્રાન્ટ અનુસંધાને આવેલા ઇકિવપમેન્ટ ખરીદી અંગે કરેલ પ્રક્રિયા તથા ઇ-ટેન્ડર અનુસંધાને આઇટમ વાઇઝ આવેલા ટેન્ડર્સને ધ્યાને લઇ રૂ.૪,૦૦,૦૦,૦૦૦/-ની ગ્રાન્ટ સામે કુલ રૂ.૪,૦૩,૮૯,૧૩૫/-ની રકમના સાધનોની ખરીદી મંજુર કરી વર્ક ઓર્ડર આપવા બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે RUSAની ગ્રાન્ટ અનુસંધાને આવેલા ઇકિવપમેન્ટ ખરીદી અંગે આવેલ આઇટમ વાઇઝ આવેલા ટેન્ડર્સને ધ્યાને લઇને વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક તારણ તથા વડાશ્રીએ કરેલ ભલામણ પ્રમાણે થનાર કુલ ખર્ચ રૂ.૪,૦૩,૮૯,૧૩૫/-ની સામે આવેલ ગ્રાન્ટની કુલ રકમ રૂ.૪,૦૦,૦૦,૦૦૦/-માંથી આ ખર્ચ પાડવાનું રાખવું અને બાકી રહેલ વધારાનો ખર્ચ રૂ.૩,૮૯,૧૩૫/- વિભાગના HPP બજેટમાંથી પાડવાનું રાખવું.

૧૫) સેન્ટ્રલાઇઝડ એડમિશનના ઇ-ટેન્ડર અનુસંધાને ઇ-ટેન્ડર કરેલ કાર્યવાહી તથા L-૧ વેપારી ક્રિષ્ણા સોફટટેકને રૂ.૩૮-૧૦ પ્રત્યેક વિધાર્થીના દરથી સેન્ટલાઇઝ એડમિશન માટેની કોમ્પ્યુટરની કામગીરી સોપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગેના તુલનાત્મક તારણના આધારે L-૧ વેપારીશ્રી ક્રિષ્ણા સોફટટેકને રૂ.૩૮-૧૦ પૈસાના પ્રત્યેક વિધાર્થી દીઠના દરેથી ઇ-ટેન્ડરની શરતો મુજબ સેન્ટલાઇઝ એડમિશન કોમ્પ્યુટરની કામગીરી સોપવાનું રાખવું.

૧૬) GUAC માટે બેંક નિયત કરવા કરેલ કાર્યવાહી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે GUAC માટે બેંક નિયત કરવા કરેલ કાર્યવાહી મંજુર કરવાનું રાખવું.

૧૭) GUACના જુદા જુદા ખર્ચ માટેના માન્ય દર નિયત કરવા પરત્વે વિચારણા કરવા તથા આંતરીક ઓડીટ કામ માટે CAની નિમણુંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે GUAC સેન્ટ્રલ કમિટી ધ્વારા પ્રસ્તાવિત જુદા જુદા ખર્ચ માટેના માન્ય દર મંજુર કરવાનું રાખવું અને આંતરિક ઓડીટની કામગીરી માટે CAની નિમણુંક કરવા અંગેની સત્તા મા.કુલપતિશ્રીને આપવાનું રાખવું.

૧૮) મહેકમ વિભાગની તા.૪/૫/૨૦૧૮ની નોધ મુજબ ઉપાસના સ્કુલમાં ટેમ્પરરી કલાર્ક તથા પટાવાળા તરીકે ફરજ બજાવતા બંને કર્મચારીઓનો સંયુકત પગાર વધારો કઇ તારીખથી અમલી બનાવવો? તે અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત EC ધ્વારા મંજુર થયેલ હોઇ ECના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાનું રાખવું

૧૯) પરીક્ષા વિભાગના તા.૮-૫-૧૮ના પત્રમાં જણાવ્યા મુજબ રીઝલ્ટ પ્રોસેસિંગ પરીક્ષાઓ માટે બારકોડ પરીક્ષાના ડેટા/પરિણામોની પ્રક્રિયા તથા પ્રિન્ટીંગને લગતી કામગીરી માટેનો આપવામાં આવેલ વર્ક ઓર્ડરની કંપની મેટા-આઇ ટેકનોલોજીની બેંક ગેરંટી જમા કરાવવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત કામગીરી માટે આપવામાં આવેલ વર્ક ઓર્ડરની કંપની મેટા-આઇ ટેકનોલોજીની બેંક ગેરંટી ટેન્ડરના નિયમો અને ધારાધોરણ મુજબ ચકાસીને જમા લેવાનું રાખવું.

૨૦) ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ગ્રંથાલય સંલગ્ન હાજીપુરા વાંચન કેન્દ્રના ઇલેકટ્રીક સીટી બિલના ચુકવણાં અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ગ્રંથાલય સંલગ્ન હાજીપુરા વાંચન કેન્દ્રના ઇલેકટ્રીક સીટી બિલના ચુકવણાં અંગે આવેલી રજુઆત મુજબ લાઇટ બીલમાં ભોગવટો કરનાર તરીકે રજીસ્ટાર, ગુજરાત યુનિવર્સિટીનું નામ ઉમેરવા જરુરી કાર્યવાહી કરવી તથા અગાઉનું બાકી બીલ ગુજરાત યુનિવર્સિટીએ ભરવાનું રાખવા અંગેનું સૂચન મંજુર કરીને તે પ્રમાણેની કાર્યવાહી એસ્ટેટ વિભાગે ત્વરીત કરવાનું રાખવું.

૨૧) ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૨૦૧૮-૧૯ માટેની જુની ઉત્તરવહીઓનો નિકાલ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૨૦૧૮-૧૯ માટેની જુની ઉત્તરવહીઓનો નિકાલ કરવા અંગે ઓફ લાઇન ટેન્ડરની પ્રક્રિયા કરવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા.કુલસચિવ